P.07

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૨૨ । વિક્રમ સંવત ૨૦૮૧ : ભાદરવો સુદ ૦૨ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 22 • Dt.25-08-2025 Monday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

25 AUGUST- 2025 MONDAY




P.07 સોભિતા પોતાના પતિ નાગા ચૈતન્ય સાથે માંગ ભર્યા પછી દર્શન માટે તિરૂપતિ પહોંચી



P.07 રણબીર કપૂર-આલિયા ભટ્ટનું ૨,૫૦૦,૦૦૦,૦૦૦ નું ઘર તૈયાર છે



07 ગાઝામાં ખોરાક લેવા જઈ રહેલા પેલેસ્ટિનિયનો ઉપર ઇઝરાયલી હુમલો । ૨૫ લોકોના મોત થયાં



07 ઉત્તર કોરિયાએ એર ડિફેન્સ મિસાઇલનું પરીક્ષણ કરીને હંગામો મચાવ્યો

**ભારે વરસાદને કારણે જિલ્લાની તમામ નદીઓ, બે કાંઠે । ગામોનો સંપર્ક તૂટ્યો**

ભારે વરસાદના કારણે જિલ્લામાં કુલ ૫૩ રસ્તાઓ બંધ થયા છે । આમાં ધરમપુરમાં ૨૭, વલસાડમાં ૧૨ અને કપરાડામાં ૫ રસ્તાઓનો સમાવેશ થાય છે । રસ્તાઓ પર પાણી ભરાવાને કારણે વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે । અને ગ્રામીણ વિસ્તારોના લોકોને શહેરી વિસ્તારો સુધી પહોંચવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે

# વલસાડ જિલ્લામાં ભારે વરસાદનો કહેર । ૫૩ રસ્તાઓ બંધ

**સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસી જવા અને નદીની નજીક ન જવા માટે સૂચના આપવામાં આવી । પરિસ્થિતિની ગંભીરતાને જોતાં રાષ્ટ્રીય આપત્તિ નિવારણ દળની એક ટીમને સ્ટેન્ડબાય રાખવામાં આવી**

। પ્રતિનિધિ, વલસાડ, તા.૨૪ ।

વલસાડ જિલ્લામાં ભારે વરસાદે તબાહી મચાવી છે.ઉપરવાસમાં સતત ભારે વરસાદને કારણે જિલ્લાની તમામ નદીઓ, ખાસ કરીને ઓરંગા નદી, બે કાંઠે વહી રહી છે. આના પરિણામે જિલ્લાના ૪૦ ગામોને જોડતો મુખ્ય પુલ બંધ કરવામાં આવ્યો છે, જેના કારણે ગામોનો શહેર સાથેનો સંપર્ક તૂટી ગયો છે. વલસાડ શહેર અને આસપાસના ગામોને જોડતા અન્ય એક બ્રિજ પર પણ બેરિકેટિંગ કરવામાં આવ્યું છે, જેના લીધે લોકોને ૧૫થી ૨૦ કિલોમીટરનો ચકરાવો લેવો પડી રહ્યો છે.

ભારે વરસાદના કારણે જિલ્લામાં કુલ ૫૩ રસ્તાઓ બંધ થયા છે. આમાં ધરમપુરમાં ૨૭, વલસાડમાં ૧૨ અને કપરાડામાં ૫ રસ્તાઓનો સમાવેશ થાય છે. રસ્તાઓ પર પાણી ભરાવાને કારણે વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે, અને ગ્રામીણ વિસ્તારોના લોકોને શહેરી વિસ્તારો સુધી પ હોંચવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.ઓરંગા નદી સહિત જિલ્લાની અન્ય નદીઓમાં જળસ્તર ખતરનાક સ્તરે પહોંચી ગયું છે. આને ધ્યાનમાં રાખીને નદીના કાંઠે આવેલા વિસ્તારોને હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસી જવા અને નદીની નજીક ન જવા માટે સૂચના આપવામાં આવી છે.પરિસ્થિતિની ગંભીરતાને જોતાં રાષ્ટ્રીય આપત્તિ નિવારણ દળની એક ટીમને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે.



**ઓરંગા નદી સહિત જિલ્લાની અન્ય નદીઓમાં જળસ્તર ખતરનાક સ્તરે પહોંચી ગયું**

જિલ્લા વહીવટી તંત્ર પણ સંપૂર્ણ રીતે સજ્જ છે અને કોઈપણ આપાતકાલીન પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયારીઓ કરી રહ્યું છે. સ્થાનિક અધિકારીઓએ લોકોને સાવચેતી રાખવા અને વહીવટી તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી છે. વલસાડ જિલ્લામાં ભારે વરસાદે તબાહી મચાવી છે.ઉપરવાસમાં સતત ભારે વરસાદને કારણે જિલ્લાની તમામ નદીઓ, ખાસ કરીને ઓરંગા નદી, બે કાંઠે વહી રહી છે.

**સુરત નવસારી રોડ પર લાંબો સમય સુધી પાણીનો ભરાવો થતાં ટ્રાફિક સમસ્યા વકરી હતી**

# સુરતમાં ફરી વરસાદના આગમન સાથે ડ્રેનેજ સિસ્ટમ નિષ્ફળ । અનેક વિસ્તારોમાં પાણી ભરાયા

**શહેરના અનેક રસ્તા ખરાબ છે અને તેમાં પાણીનો ભરાવો થતાં વાહનચાલકોને મુશ્કેલી**

। પ્રતિનિધિ, સુરત,તા.૨૪ ।

સુરતમાં આજે વહેલી સવારથી જ મેઘરાજાએ મહેર કરી છે અને અનેક વિસ્તારમાં નોંધપાત્ર વરસાદ થયો છે. જોકે, આ વરસાદમાં ફરી એક વાર પાલિકાની સ્ટ્રોમ ડ્રેનેજ નેટવર્કે સુરતીઓને દગો આપ્યો છે જેના કારણે શહેરના અનેક વિસ્તારમાં પ ણીનો ભરાવો થયો હતો. તેમાં પણ સુરત નવસારી રોડ પર લાંબો સમય સુધી પાણીનો ભરાવો થતાં ટ્રાફિક સમસ્યા વકરી હતી અને વાહન ચાલકો અને રાહદારીઓએ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સુરતમાં ગઈકાલથી વરસાદના ઝાપ ટા શરુ થયા છે આજે સવારે પણ શહેરના અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. આ વરસાદ સામે ફરી એક વાર સુરતીઓ માટે પાલિકાની સ્ટ્રોમ ડ્રેઈન સિસ્ટમ વિલન સાબિત થઈ હતી. શહેરના અનેક વિસ્તારમાં પાણીનો ભરાવો થયો હતો. હાલમાં શહેરના અનેક રસ્તા ખરાબ છે અને તેમાં પાણીનો ભરાવો થતાં વાહનચાલકોને મુશ્કેલી પ ડી હતી. આ ઉપરાંત સુરત અને નવસારીને જોડતા ઉધના નવસારી રોડ પર ફરી એક વાર વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. સુરત નવસારી રોડ પર એક કિલોમીટર સુધી પાણીનો ભરાવો થયો હતો. એક તરફનો રોડ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો અને પાણીનો ભરાવો થતાં વાહન વ્યવહાર થંભી ગયો હતો. કેટલાક વાહનચાલકો ભરાયેલા પાણીમાં વાહન ચલાવવાની કોશીશ કરતા હતા તો વાહનો બંધ થઈ ગયા હતા.







### સુભાસ બ્રિજથી ઈન્દિરા બ્રિજ તરફનો રિવરફ્રન્ટ નદીમાં ગરકાવ

## અમદાવાદની સાબરમતી નદીમાં આવ્યું પૂર । રિવરફ્રન્ટ પર હાલત ખરાબ

### ઉપરવાસમાંથી પાણી છોડાતા ધરોઈ ડેમનું પણ સંત સરોવરમાં આવ્યું છે, અને સંત સરોવરનું પાણી સાબરમતી નદીમાં આવ્યું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદના મધ્યમાંથી વહેતી સાબરમતી નદીમાં ઘોડાપૂર આવ્યું છે. ઉપરવાસમાંથી પાણી છોડાતા ધરોઈ ડેમનું પાણ સંત સરોવરમાં આવ્યું છે, અને સંત સરોવરનું પાણી સાબરમતી નદીમાં આવ્યું છે. આ કારણે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે નદીનું લેવલ સંપૂર્ણ ઘટાડી દેવાયું છે. લેટેસ્ટ અપડેટ અનુસાર, હાલ સુભાસ બ્રિજથી ઈન્દિરા બ્રિજ તરફનો રિવરફ્રન્ટ નદીમાં ગરકાવ થયો છે. રિવરફ્રન્ટનો પશ્ચિમ તરફનો લોઅર પ્રોમીનાડ ડૂબ્યો છે. અમદાવાદની સાબરમતી નદીમાં ઘોડાપૂર આવ્યું છે. રિવરફ્રન્ટ પર જમાલપુરની સરખામણીએ સુભાસબ્રિજ નજીક સ્થિતિ ગંભીર જોવા મળી છે. નદીના ધસમસતા પાણી રિવરફ્રન્ટના વોક વે પર ફરી વળ્યાં છે. હાલ સ્થિતિ એવી છે કે, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે બનાવાયેલા પાળાની ઉપરથી પાણી વહી રહ્યું છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કેટલીક મશીનરી પણ પૂરના પાણીમાં તણાઈ ગઈ છે. સુભાસ બ્રિજ રેલવે ટ્રેક નીચે ભયાવહ નજારો જોવા મળ્યો છે. ધરોઈ ડેમના ઉપરવાસમાં ભારે વરસાદથી પાણીની પુષ્કળ આવક થઈ રહી છે. ધરોઈ ડેમમાંથી છોડાયેલા પાણીના કારણે ગાંધીનગરના સંતસરોવરમાં પાણીની આવક વધી છે. સંત સરોવરમાથી હાલ



સાબરમતી નદીમાં પાણી છોડાઈ રહ્યું છે, જેને કારણે સાબરમતી નદીમાં જળસ્તર સતત વધી રહ્યું છે. નદીમાં અત્યાર સુધી ૬૦૦૦૦ ક્યૂસેકથી વધુ પાણીની આવક થઈ છે. તંત્ર દ્વારા વાસણા બેરેજ ખાતે ૨૫ ગેટ ૬ ફૂટ ખોલી દેવામાં આવ્યા છે. હાલ ઉપરવાસમાંથી આવેલા પાણીના કારણે રિવરફ્રન્ટ ખાતે ધસમસતા પાણીનો પ્રવાહ વહી રહ્યો છે. વાસણા બેરેજની બીજી તરફ નદીમાં પાણીની પુષ્કળ જાવક થઈ રહી છે. હાલ બેરેજ માંથી નદીમાં ૩૫૦૦૦ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. તકેદારી રૂપે સાબરમતી નદી નજીક આવેલા અમદાવાદ ગ્રામ્ય, ખેડા અને નડિયાદ જિલ્લાના નીચાણવાળા ગામોને સાવચેત કરાયા છે. અમદાવાદના મધ્યમાંથી વહેતી સાબરમતી નદીમાં ઘોડાપૂર આવ્યું છે. ઉપરવાસમાંથી પાણી છોડાતા ધરોઈ ડેમનું પાણ સંત સરોવરમાં આવ્યું છે, અને સંત સરોવરનું પાણી સાબરમતી નદીમાં આવ્યું છે. આ કારણે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે નદીનું લેવલ સંપૂર્ણ ઘટાડી દેવાયું છે.

## વડોદરા શહેરમાંથી ત્રણ લક્ઝરી બસ ચોરી કરનાર આરોપી ઝડપાયો

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૪ ।

વડોદરાના અટલાદરા વિસ્તારમાંથી થોડા સમય પહેલા શંકરદાદા ટ્રાવેલ્સની એક મીની બસની ચોરી થઈ હતી જે અંગે અટલાદરા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. પોલીસે આરોપીને ઝડપી પાડવા માટે જુદી જુદી ટીમ બનાવી દરેક રોડ પર ટેકનિકલ સોર્સ તથા સીસીટીવી કેમેરાના આધારે તપાસ હાથ ધરી હતી. તે દરમિયાન ખિસકોલી સર્કલ વિશ્વામિત્ર નજીક એક વ્યક્તિ શંકાસ્પદ હાલતમાં મળી આવતા તેને રોકી પૂછપરછ કરતા તેણે પોતાનું નામ ધર્મેન્દ્ર ઉર્ફે ધર્મેશ બાબુભાઈ બારૈયા (રહેવાસી- મંગલમૂર્તિ અપાર્ટમેન્ટ, નરોડા, અમદાવાદ ) હોવાનું જણાવ્યું હતું. પાંચ દિવસ પહેલા અટલાદરા આનંદ પાર્ટી પ્લોટની સામેથી એક મીની બસની ચોરી કર્યો હોવાનું કબૂલ્યુ હતું.

## ન્યુડ વીડિયો બતાવવાની લાલચે છેતરપિંડી કરનાર યુવતીની પારડી પોલીસે ધરપકડ કરી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૪ ।

પારડી પોલીસે જમ્મુના ઉધમપુરની રહેવાસી ૨૪ વર્ષીય મનકર્ધા અનિલકુમાર ભગતની ધરપકડ કરી છે.આરોપી મહિલાએ ઈન્સ્ટાગ્રામ પર એક જાહેરાત આપી હતી અને ટેલિગ્રામ લિંક દ્વારા નગ્ન વીડિયો બતાવવાની લાલચ આપી હતી.પારડીની રહેવાસીએ ૧૦ મે, ૨૦૨૫ ના રોજ ટેલિગ્રામ લિંક ખોલી હતી.આ વ્યક્તિ એસબીઆઇ અને એક્સિસ બેંકમાંથી કુલ ૧,૦૦,૩૯૯ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. પરંતુ તેને વીડિયો કે રિફંડ મળ્યો ન હતો. અને પૈસા માંગવા પર, યુવકે પારડી પોલીસનો સંપર્ક કર્યો.પીઆઇ જી આર. ગઢવીની આગેવાની હેઠળની પોલીસે ઊઇ કોડ, સોશિયલ મીડિયા આઇડી બેંક એકાઉન્ટ અને સ્થાન ટ્રેસ કરીને આરોપી મહિલાની ધરપકડ કરી છે. આ ઘટના દર્શાવે છે કે અજાણી ઓનલાઈન લિંક અને લોભ દ્વારા આવા વ્યવહારો કરવાથી મોટું નાણાકીય નુકસાન થઈ શકે છે.

## અમદાવાદમાં કાયદો વ્યવસ્થા લથડી : અપહરણ અને હત્યા કેસનો માસ્ટરમાઈન્ડ સતીયો ફરાર

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદમાં અસામાજિક તત્વો બેફામ બન્યા હોવાનું જણાઈ રહ્યું છે. શહેરમાં કાયદો વ્યવસ્થાની સ્થિતી લથડી હોય તેવો માહોલ સર્જાયો છે. હાલમાં જ અમદાવાદમાં એક યુવકનું અપહરણ કરીને તેની જાહેરમાં હત્યાનો બનાવ સામે આવ્યો છે. આ બનાવ સંદર્ભે કાગઠાપીઠ પોલીસે ત્રણ આરોપીને ઝડપી લીધા છે. જ્યારે ફરાર આરોપીઓની શોધ હાથ ધરી છે. બીજીતરફ આ બનાવના વીડિયો પણ સામે આવ્યા છે.અપહરણ અને હત્યા કેસમાં કાગડાપીઠ પોલીસે વિજય પટણી, શૈલેષ, ગૌતમ અને પુનમ પટણીની ધરપકડ કરી છે. ૨૨ ઓગસ્ટના રોજ કાગડાપીઠ સફલ પરિસરમાંથી નીતિન પટણી નામના ૨૩ વર્ષીય યુવકનું અપહરણ કરીને આરોપીઓ તેને મેઘાણીનગરના અસારવા વિસ્તારમાં લઈ ગયા હતા. બાદમાં આરોપીઓ જાહેરમાં ઘાતકી હથિયારોથી હુમલો કરીને તેની હત્યા કરી દીધી. આ ઘટનાના હત્યાના અને અપહરણના ઝઝ્રફ ફૂટેજ પણ સામે આવ્યા છે. કાગડાપીઠ પોલીસે આ બનાવમાં સતીશ ઉર્ફે સતીયો પટણી, વિશાલ ઉર્ફે બુકકો દંતાણી, મહેશ ઉર્ફે કટ્ટો પટણી, બાવો, સાજન, રાજ ઉર્ફે સેસુ અને અજાણ્યા વિરુદ્ધ અપહરણ અને હત્યાનો ગુનો નોંધ્યો હતો. પોલીસે ઝઝ્રફ ફૂટેજને આધારે અપહરણ કરનાર વિજય પટણી, શૈલેષ ગૌતમ અને રીક્ષા ચાલક પૂનમ પટણીની ધરપકડ કરી છે.પોલીસ તપાસમાં સામે આવ્યું કે, હત્યાનો માસ્ટર માઈન્ડ સતીષ ઉર્ફે સતીયો પટણી છે.

### કચ્છ જિલ્લાના દરિયાઈ વિસ્તારમાં સીમા સુરક્ષા દળે કાર્યવાહી હાથ ધરી

## કચ્છના કોરી ક્રીકમાં બીએસએફે ૧૫ પાક.ના ઘૂસણખોરો બે બોટ સાથે ઝડપી પાડયા

। પ્રતિનિધિ, ભુજ, તા.૨૪ ।

કચ્છ જિલ્લાના દરિયાઈ વિસ્તારમાં સીમા સુરક્ષા દળે કાર્યવાહી હાથ ધરી, જેમાં ૧૫ પાકિસ્તાની ઘૂસણખોરોને બે બોટ સાથે ઝડપી પાડવામાં આવ્યા.આ ઘટના કચ્છના કોરી ક્રીક વિસ્તારમાં બની,જે ભારત-પાકિસ્તાન સીમાની નજીક આવેલો અત્યંત સંવેદનશીલ દરિયાઈ વિસ્તાર છે.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ઝડપાયેલા લોકો પાકિસ્તાની માછીમારો છે, જેઓ ભૂલથી અથવા જાણીજોઈને ભારતીય જળસીમામાં પ્રવેશ્યા હતા.

બીએસએફની ૬૮મી અને ૧૭૬મી બટાલિયનની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને આ ઘૂસણખોરોને ઝડપી પાડ્યા. સૂત્રો



અનુસાર, બીએસએફની ટીમે કોરી ક્રીક વિસ્તારમાં શંકાસ્પદ ગતિવિધિઓ જોતાં તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી. આ દરમિયાન બે પાકિસ્તાની બોટને રોકીને તેની તપાસ કરવામાં આવી, જેમાં ૧૫ વ્યક્તિઓ મળી આવ્યા. બીએસએફે એક બોટને પોતાના કબજામાં લઈ લીધી છે, જ્યારે બીજી બોટની તપાસ ચાલુ છે.

ઝડપાયેલા ૧૫ પાકિસ્તાની નાગરિકોને વધુ પૂછપરછ માટે ભુજના સંયુક્ત પૂછપરછ કેન્દ્ર ખાતે ખસેડવામાં આવશે.બીએસએફ અને અન્ય સુરક્ષા એજન્સીઓ આ ઘૂસણખોરોની ઓળખ, તેમના ઈરાદા અને ભારતીય જળસીમામાં પ્રવેશના કારણોની તપાસ કરશે. પ્રાથમિક માહિતી અનુસાર, આ વ્યક્તિઓ માછીમારી દરમિયાન ભૂલથી ભારતીય સીમામાં આવી ગયા હોવાનું જણાવે છે, પરંતુ સુરક્ષા એજન્સીઓ તમામ પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. કચ્છ જિલ્લાના દરિયાઈ વિસ્તારમાં સીમા સુરક્ષા દળે કાર્યવાહી હાથ ધરી, જેમાં ૧૫ પાકિસ્તાની ઘૂસણખોરોને બે બોટ સાથે ઝડપી પાડવામાં આવ્યા.આ ઘટના કચ્છના કોરી ક્રીક વિસ્તારમાં બની,જે ભારત-પાકિસ્તાન સીમાની નજીક આવેલો અત્યંત સંવેદનશીલ દરિયાઈ વિસ્તાર છે.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ઝડપાયેલા લોકો પાકિસ્તાની માછીમારો છે, જેઓ ભૂલથી અથવા જાણીજોઈને ભારતીય જળસીમામાં પ્રવેશ્યા હતા.

## ગુજરાતમાં અકસ્માતની વણઝાર, 3 લોકોના કમકમાટી ભર્યા મોત થયાં

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાતમાં રવિવારના રોજ ત્રણ માર્ગ અકસ્માતમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા હતા. નવસારીમાં ડમ્પર ચાલકે વૃદ્ધને અડફેટે લેતા વૃદ્ધનું મોત નિપજ્યું હતું. સમગ્ર ઘટનાની સીસીટીવી ફૂટેજ પણ સામે આવવા પામ્યા છે.નવસારીના મરોલીમાં ડમ્પર ચાલકે રિવર્સ લેતા અકસ્માત સર્જાયો હતો. ડમ્પર ચાલકે વૃદ્ધને અડફેટે લેતા વૃદ્ધનું મોત નિપજ્યું હતું. મરોલી ચાર રસ્તા નજીક વૃદ્ધનું અકસ્માતમાં મોત થયું હતું. આ સમગ્ર ઘટનાના સીસીટીવી સામે આવ્યા છે. જેમાં મરોલી ચાર રસ્તાથી મરોલી ફાટક તરફ જતા મુખ્ય માર્ગ પરની ઘટના બનવા પામી હતી. પોલીસે ટ્રક ચાલકને ઝડપી પાડ્યો છે.પોરબંદર શહેરમાં હિટ એન્ડ રનનો વધુ એક દુઃખદ બનાવ સામે આવ્યો છે. ફલાઈઓવર બ્રિજ પર એક અજાણ્યા કારચાલકે સ્કૂટરને ટક્કર મારી નાસી જવાની ઘટના ઉદ્યોગનગર પોલીસ મથકની હદમાં નોંધાઈ છે. આ દુર્ઘટનામાં સ્કૂટર પર સવાર આશાબેન મસાણીનું ઘટનાસ્થળે મોત નીપજ્યું છે.પ્રાપ્ત વિગતો અનુસાર, કાળા કલરની જીજે૨૫ બીએ ૪૦૯૨ નંબરની કારએ બ્રિજ પર ઝડપે સ્કૂટરને ટક્કર મારી હતી. કારચાલક અકસ્માત બાદ ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો.

## દરિયામાં ન્હાવા જતા પાણીમાં ડૂબ્યા ૪ યુવકો, એક મૃતદેહ મળી આવ્યો

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૨૪ ।

ભાવનગર જિલ્લાના રતનપર ગામના ૪ યુવાનો દરિયામાં ન્હાવા જતા દુર્ઘટનાનો ભોગ બન્યા હતા. તેઓ ભાવનગર નજીક આવેલી મોડેસ્ટ કંપની પાસેના દરિયા વિસ્તારમાં ન્હાવા માટે ગયા હતા. આ દરમ્યાન તેઓ ઊંડા પાણીમાં ફસાઈ જતા દુર્ઘટના સર્જાઈ હતી.ઘટનાની જાણ થતા સ્થાનિક લોકો તરત જ દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી. સ્થાનિક તેમજ એનડીઆરએફની ટીમે ૩ યુવકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સફળતા મેળવી. જ્યારે એક યુવક મળી ન આવતા એનડીઆરએફની ટીમ દ્વારા યુવકની શોધખોળ હાથ ધરી હતી. એનડીઆરએફની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી શોધખોળ શરૂ કરી હતી. કલાકો સુધી ચાલેલી કામગીરી બાદ એક યુવકનો મૃતદેહ મળ્યો હતો. મૃતક યુવાન રતનપર ગામનો રહીશો હતો. જેના મોતથી પરિવારજનો અને સમગ્ર ગામમાં શોકની લાગણી છવાઈ છે.સ્થાનિક તંત્ર અને એનડીઆરએફની ટીમ દ્વારા ઘટના સ્થળે સંપૂર્ણ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તેમજ આમજના કિસ્સા ફરી ન બને તે માટે લોકોને દરિયાની આસપાસ વધુ સાવચેત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે. ભાવનગર જિલ્લાના રતનપર ગામના ૪ યુવાનો દરિયામાં ન્હાવા જતા દુર્ઘટનાનો ભોગ બન્યા હતા.



આમ આદમી પાર્ટી ગુજરાતમાં પોતાની રાજકીય પકડ મજબૂત કરવા માટે સતત પ્રયાસ

# હવે આગામી મહેસાણા મહાનગરપાલિકા (મનપા)ની ચૂંટણીમાં પણ આપ પૂરી તાકાતથી મેદાનમાં ઉતરશે

**ગોપાલ ઇટાલિયાએ મનપાના વિસ્તારોમાં સુવિધાના અભાવ પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, "જ્યાં જ્યાં મનપા બની છે, ત્યાં આજે પણ સુવિધાઓ મળતી નથી**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૪ ।




આમ આદમી પાર્ટી ગુજરાતમાં પોતાની રાજકીય પકડ મજબૂત કરવા માટે સતત પ્રયાસ કરી રહી છે, અને હવે આગામી મહેસાણા મહાનગરપાલિકા (મનપા)ની ચૂંટણીમાં પણ છઉઁ પૂરી તાકાતથી મેદાનમાં ઉતરવાની છે. આપના નેતા ગોપાલ ઈટાલિયાએ મહેસાણા ખાતે આ અંગે નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે પાર્ટી આ ચૂંટણીમાં જોરશોરથી પ્રચાર કરશે અને પ્રયાસ કરશે કે મહેસાણાનો મેયર આપનો બને.

ગોપાલ ઈટાલિયાએ મનપાના વિસ્તારોમાં સુવિધાના અભાવ પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, "જ્યાં જ્યાં મનપા બની છે, ત્યાં આજે પણ સુવિધાઓ મળતી નથી. તો હવે જે વિસ્તારો વધ્યા છે, ત્યાં ક્યાંથી સુવિધા મળશે?" તેમણે ઉમેર્યું કે મહેસાણા મનપાનો વેરો વધી ગયો છે, છતાં સુવિધાઓ ક્યારે મળશે તે ભગવાન જાણે. આ મુદ્દાને છઉઁ ચૂંટણીમાં મુખ્ય એજન્ડા બનાવશે અને લોકોને પાયાની સુવિધાઓ આપવા માટે પ્રતિબદ્ધતા દર્શાવશે.

દરમિયાન ગુજરાતમાં પ્રેમ લગ્નના કાયદાને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે, મહેસાણામાં ૩૦ ઓગસ્ટના રોજ આ મુદ્દે એક મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહારેલી અંગે પણ ગોપાલ ઈટાલિયાએ નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે પ્રેમ લગ્નના મુદ્દાને લગતો પ્રશ્ન દેશ અને ગુજરાતમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યો છે, અને આ મુદ્દા પર મનોમંથન થવું અત્યંત જરૂરી છે.

ગોપાલ ઈટાલિયાએ કહ્યું કે, "મેં પોતે પણ આ મુદ્દે વિધાનસભામાં મુખ્યમંત્રીને રજૂઆત કરી છે." તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સમાજમાં દીકરીઓને લઈને જે ઘટનાઓ બની રહી છે, તેના પર સરકારે ચિંતન કરવું જોઈએ અને યોગ્ય કાયદાકીય સુધારા લાવવા જોઈએ. આ મહારેલીનો મુખ્ય ઉદ્દેશ્ય સરકારનું ધ્યાન આ ગંભીર સમસ્યા તરફ દોરવાનો છે. આમ આદમી પાર્ટી ગુજરાતમાં પોતાની રાજકીય પકડ મજબૂત કરવા માટે સતત પ્રયાસ કરી રહી છે, અને હવે આગામી મહેસાણા મહાનગરપાલિકા (મનપા)ની ચૂંટણીમાં પણ છઉઁ પૂરી તાકાતથી મેદાનમાં ઉતરવાની છે. આપના નેતા ગોપાલ ઈટાલિયાએ મહેસાણા ખાતે આ અંગે નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે પાર્ટી આ ચૂંટણીમાં જોરશોરથી પ્રચાર કરશે અને પ્રયાસ કરશે કે મહેસાણાનો મેયર આપનો બને.

ગોપાલ ઈટાલિયાએ મનપાના વિસ્તારોમાં સુવિધાના અભાવ પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, "જ્યાં જ્યાં મનપા બની છે, ત્યાં આજે પણ સુવિધાઓ મળતી નથી. તો હવે જે વિસ્તારો વધ્યા છે, ત્યાં ક્યાંથી સુવિધા મળશે?" તેમણે ઉમેર્યું કે મહેસાણા મનપાનો વેરો વધી ગયો છે, છતાં સુવિધાઓ ક્યારે મળશે તે ભગવાન જાણે. આ મુદ્દાને છઉઁ ચૂંટણીમાં મુખ્ય એજન્ડા બનાવશે અને લોકોને પાયાની સુવિધાઓ આપવા માટે પ્રતિબદ્ધતા દર્શાવશે.

અધિકારીઓ બાળકોને સુકો અને ભીનો કચરો છૂટો કઈ રીતે પાડવો પ્લાસ્ટિકનો વપરાશ કઈ રીતે ઓછો કરવો તેની સમજ આપી

# વડોદરામાં સ્વચ્છતા પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવા કોર્પોરેશન દ્વારા ૩૨ સ્થળે શેરી નાટકો ભજવ્યા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૪ ।

વડોદરાને ગાર્બેજ ફ્રી સીટી બનાવવા માટે કોર્પોરેશન દ્વારા શહેરમાં સ્વચ્છતાને લોકો વધુ પ્રાધાન્ય આપે અને ગંદકી ન કરે તે સંદર્ભે જાગૃતિ લાવવા માટે હવે શેરી નાટકના પ્રયોગો શરૂ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૩૨ સ્થળો પર આવા શેરી નાટકો કરવામાં આવ્યા છે કે જ્યાં લોકોને આવજા વધુ રહેતી હોય. હવે કોપ ોરેશનનું તંત્ર ગણપતિ મહોત્સવ વખતે કે જ્યારે લોકોની વધુ ભીડ થતી હોય ત્યારે સ્વચ્છતાનો મેસેજ વધુ લોકો સુધી પ હોંચી શકે તે એ સમયે આવા શેરી નાટકો કરવામાં આવશે.શાળાઓમાં પણ જઈને કોર્પોરેશનના અધિકારીઓ બાળકોને સુકો અને ભીનો કચરો છૂટો કઈ રીતે પાડવો પ્લાસ્ટિકનો વપરાશ કઈ રીતે ઓછો કરવો તેની સમજ આપી રહ્યા છે. શહેરનું સૌથી મોટું શાક માર્કેટ ખંડેરાવ માર્કેટ ખાતે અને માર્કેટ ચાર રસ્તા ખાતે સાત કલાકારોની ટીમ દ્વારા સ્વચ્છતા નો સંદેશો આપવા શેરી નાટક ભજવ્યું હતું. શહેરના તમામ ૧૯ વોર્ડમાં શેરી નાટકો હજુ ભજવવામાં આવશે, અને લોકોને પ્લાસ્ટિક સાથે નહીં પણ પર્યાવરણ સાથે દોસ્તી કરવા, કચરો જ્યાં ત્યાં નહીં ફેંકવા, ગમે ત્યાં થૂંકવા નહીં અને ડોર ટુ ડોર કચરાની ગાડીમાં જ કચરો નાખવા લોકોને અપીલ કરાઈ હતી. કોર્પોરેશન હવે એસટી બસ સ્ટેશન, જાહેર સ્થળો, શોપિંગ મોલ વગેરે જગ્યાએ આવા મશીનો મુકવાની છે.

## ઉછીના આપેલા રૂ.૧૫,૦૦૦ પરત લેવા ગયેલી બહેન પર ભાઈનો હુમલો

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૪ ।

વડોદરાના વાઘોડિયા રોડ પર ડી માર્ટની પાછળ લવકુશ નગરમાં રહેતા નીલમબેન નીતેશભાઈ મિસ્ત્રીએ પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે મેં મારા નાના ભાઈ વિજય મુરલીધર શર્મા (રહે-સુર્યા ફ્લેટ દત્ત મંદિરની સામે, મહાદેવ તળાવની બાજુમાં) ને આઠ મહિના અગાઉ ૧૫૦૦૦ રૂપિયા આપ્યા હતા. તે પરત લેવા માટે હું વારંવાર ફોન કરતી હતી પરંતુ તે મને પૈસા આપતો નહોતો.

જેથી ગત ૨૦ મી તારીખે હું મારા ભાઈના ઘરે ગઈ હતી અને મારી માતાને વાત કરી હતી. મારો ભાઈ ઊંઘતો હોવાથી હું તેને જગાડવા માટે ગઈ હતી અને કહ્યું કે મને મારા પૈસા તમે ક્યારે આપો છો ? મારે મારા દીકરાની ફી ભરવાની છે. મારી વાત સાંભળીને મારો ભાઈ વિજય એકદમ ઉસ્કેરાઈ ગયો હતો અને મને ધક્કો મારીને પાડી નાખી હતી. તે મને માર મારવા લાગતા હું રૂમની બહાર ભાગી ગઈ હતી તો તેણે મારી પાછળ દોડી આવી મારા વાળ પકડી હાથની આંગળીઓ મચકોડી નાખી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મારા હાથની આંગળીમાં ફેક્ચર થઈ ગયું હતું.

## સુરતથી અપહરણ થયેલા માસૂમની મુંબઈની ટ્રેનમાં લાશ મળી,માસીના દીકરાએ કરી હોવાનો આરોપ

। પ્રતિનિધિ, સુરત, તા.૨૪ ।

સુરતના અમરોલી વિસ્તારમાં ત્રણ વર્ષના એક બાળકનું અપહરણ થયા બાદ તેની લાશ મુંબઈથી પ સાર થતી એક ટ્રેનમાંથી મળી આવતા ચકચાર મચી ગઈ છે. આ મામલામાં બાળકનું અપહરણ અને હત્યા તેના જ માસીના દીકરાએ કરી હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.અમરોલીના ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતા પ રિવારનો ત્રણ વર્ષનો બાળક ગત બુધવારે સાંજે ગુમ થયો હતો. બાળક ગુમ થતાં જ પરિવાર ચિંતિત બન્યો હતો. શરૂઆતમાં તેમણે વિચાર્યું કે બાળક કદાચ ફરવા ગયો હશે, પરંતુ લાંબા સમય સુધી પરત ન ફરતાં તેમણે શોધખોળ શરૂ કરી. આ દરમિયાન પ રિવારને જાણ થઈ કે બાળકને તેના માસીનો દીકરો વિકાસકુમાર શાહ લઈ ગયો છે. ત્યારબાદ તાત્કાલિક અમરોલી પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી.પોલીસે ફરિયાદ મળતાની સાથે જ તપાસ હાથ ધરી હતી. સીસીટીવી ફૂટેજ ચકાસતા માલુમ પડ્યું કે આરોપી વિકાસકુમાર બાળકને બાઈક પર લિફ્ટ લઈને રેલવે સ્ટેશન તરફ લઈ ગયો હતો. પોલીસે તેના મોબાઈલ લોકેશનના આધારે તપાસ કરતાં તેનો પત્તો નાસિક અને પ છી મુંબઈ સુધી મળ્યો હતો.ગઈકાલે રાત્રે મુંબઈના એલટીટી ટર્મિનસ ખાતે ઊભેલી કુશીનગર એક્સપ્રેસ ટ્રેનના એસી કોચના ટોયલેટના ડસ્ટબિનમાંથી એક માસૂમની લાશ મળી આવી. ટ્રેનના મુસાફરો દ્વારા આ અંગે જાણ થતાં જ જીઆરપી (સરકારી રેલવે પોલીસ) અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતદેહ જોતા મેડિકલ ટીમ પણ ચોંકી ઉઠી હતી, કારણ કે બાળકની હત્યા અત્યંત ક્રૂરતાપૂર્વક કરવામાં આવી હતી.પોલીસને શંકા છે કે આરોપી વિકાસકુમારે ટ્રેનમાં જ બાળકનું ગળું દબાવીને તેની હત્યા કરી અને લાશને ડસ્ટબિનમાં છુપાવીને તે ટ્રેનમાંથી ઊતરીને ફરાર થઈ ગયો.






## તંત્રી લેખ...

# આધારનુ મહત્વ વધ્યુ

આધાર કાર્ડનુ મહત્વ દિન પ્રતિદિન વધુને વધુ વધી રહ્યુ છે. આધાર કાર્ડ સૌથી મહત્વપૂર્ણ દસ્તાવેજ તરીકે છે. તેના વગર તમામ કામો હવે અટવાઈ પડે છે. આધાર કાર્ડ દરેક કામ વેળા હવે માંગવામાં આવે છે. આવનાર દિવસોમાં તેના મહત્વને હજુ વધારવામાં આવી શકે છે. હાલમાં કોરોના વાયરસના ગાળામાં પણ આધારની ઉપયોગિતા વધી ગઈ છે. કારણ કે સરકારી યોજનાના લાભ લેવા માટે પણ તેની જરૂર પડી રહી છે. કારોબારમા પણ હવે તેની જરૂર પડે છે. આધારના સ્તરને વધારવા માટે તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આના ભાગરુપે હવે મૃત્યુ અને નોંધણી માટે આધારને ફરજિયાત બનાવી દેવામાં આવ્યા બાદ આને લઈને કેટલાક નિયમો લાગુ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત શેર અને મ્યુચ્યુઅલ ફંડ યુનિટ ખરીદવા માટે પણ આધાર કાર્ડ જરૂરી છે. કાળા નાણાંને રોકવા માટે આ પહેલ ચોક્કસપણે અસરકારક છે. કેટલીક સેવાઓ માટે આધારને ફરજિયાત બનાવી દેવામાં આવ્યા બાદ હવે આધાર વગર મૃત્યુની નોંધણી પણ થઈ શકતી નથી. મૃતકની નોંધણી માટે તેની ઓળખ તરીકે આધારની જરૂર પડે છે. ગૃહમંત્રાલય તરફથી તેના હેઠળ કામ કરનાર રજિસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયાને કહેવામાં આવ્યું છે કે, મૃત્યુ પ્રમાણપત્ર માટે અરજી કરનાર લોકો માટે આધાર સંખ્યાના ઉપયોગ, સગાસંબંધીઓ અને મૃતકના પરિચિત લોકો દ્વારા આપવામાં આવેલી માહિતીની ખાતરી કરવાની રહેશે. આ ઓળખ સાથે જોડાયેલી છેતરપિંડીને રોકવા માટે આ એક અસરકારક છે. મૃત વ્યક્તિની ઓળખ કરવાના મામલામાં મદદરુપ છે. આ ઉપરાંત તે મૃત વ્યક્તિની ઓળખ અનેક દસ્તાવેજોની મદદથી સાબિત કરવાનો જરૂરિયાતને પણ પૂર્ણ કરી દેશે. રજિસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા સંબંધિત વિભાગોને સંબંધિત રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં નોંધણી વ્યવસ્થા દ્વારા તેને અમલી કરવા માટે તૈયારી કરી લેવા માટે કહેવામાં આવ્યું છે. સરકાર અને સેબી દ્વારા આધાર કાર્ડને ફાયનાન્સિયલ માર્કેટ ટ્રાન્જેક્શન સાથે લિન્ક કરવામાં આવ્યા બાદ કેટલીક ગેરરિતી રોકાઈ શકે છે. સાથે સાથે તમામ પ્રકારની માહિતી પણ મળી જાય છે. તેમનુ માનવુ છે કે આ પ્રયાસથી શેર બજાર મારફતે કાળા નાણાંને સફેદ કરવાના પ્રયાસોને રોકવામાં સફળતા મળી શકે છે. આ સમગ્ર મામલા પર નજર રાખી રહેલા સુત્રોએ કહ્યુ છે કે સરકારને આ વાતની ખબર પડી ગઈ છે કે પન ટેક્સ ચોરી રોકવા માટે પુરતા પ્રમાણમાં નથી. જેથી તે હવે આધાર પર દાવ લગાવે છે. હાલમાં બ્રોકરો અથવા મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓને આધાર કાર્ડ બનાવવાની જરૂર હોતી નથી. ટુંકમાં આધાર કાર્ડ વગર હવે ચાલે તેમ નથી. કારણ કે કોઈ પણ કામ માટે આધારની જરૂર છે. આધારને તમામ ચીજો સાથે લિન્ક કરવામાં આવ્યા બાદ હવે તેની ઉપયોગિતા વધી ગઈ છે. કોરોના કાળમાં આધારના મહત્વને લોકો સારી રીતે જાણી ચુક્યા છે. કોઈ પણ મોટી આફતના સમય તેના આધાર પર લાભ મળનાર છે. જેથી આધારને બેંક, પેન સાથે લિન્ક કરવાની બાબત સૌથી ઉપયોગી બનેલી છે.

# ઓનલાઇન કારોબાર બદલાઇ ગયો છે

દેશમાં ઓનલાઈન શોપિગ કારોબાર બદલાઈ રહ્યો છે. સરકારે ઈ-કોમર્સ કંપનીઓ પર જે નવા નિયમો લાગુ કરવામાં આવ્યા છે ત્યારબાદ એક્સક્લિસિવ ડીલ, કેશબેક અને બંપર ડિસકાઉન્ટ જેવી ચીજો ખતમ થઈ રહી છે. સરકારે ઈ કોમર્સ સેક્ટર માટે પ્રત્યક્ષ વિદેશી રોકાણની નીતિ હવે બદલાઈ ગઈછે. જેના પરિણામ સ્વરૂપે એમેઝોન અને ફલીપકાર્ટ જેવી મોટી અને મહાકાય કંપનીઓને મોટો ફટકો પડી ગયો છે. સ્થાનિક કારોબારીઓનો ગુસ્સો શાંત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. કંપનીઓના કામ કરવાના તરીકાને લઈને નારાજગી પ્રવર્તી રહી છે. પોલીસીમાં કેટલાક નવા નિયમો ઉમેરી દેવામા ંઆવ્યા છે. જે મુજબ ઈ-કોમર્સ પ્લેટફોર્મ સાથે જોડાયેલી કોઈ પણ યુનિટ ચીજવસ્તુન ખરીદી કરી શકે નહી. આની સાથે સાથે કોઈ ઈકોમર્સ સાઈટ પર કોઈ વેન્ડર કેટલી ચીજો વેચી શકે છે તે બાબત પૅણ નક્કી કરવામાં આવી છે. કેશબેક અને એક્સક્લુસિવ સેલ પર પ્રતિબંધ મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આના કારણે ઈકોમર્સ સેક્ટરની કંપનીઓને પોતાના બિઝનેસ મોડલમાં ફેરફાર કરવાની ફરજ પડી શકે છે. સરકારના નવા નિયમ મુજબ કોઈ કોમર્સ પ્લેટફોર્મ કોઈ સપ્લાયરને ખાસ રાહત આપી શકશે નહીં. આ સુધારા કરવામાં આવ્યા બાદ કેશબેક, એક્સક્લુસિવ સેલ અથવા તો કોઈ પોર્ટલ પર એક બ્રાન્ડના લોંચ , એમેઝોન પ્રાઈમ અને ફલીપકાર્ટ જેવી ડીલ્સ અથવા તો કોઈ ખાસ સેવા આપવામાં પરેશાની થાય નહીં. નવા નિયમોનો હેતુ આ પ્લેટફોર્મને કોઈ પણ પ્રકારના પક્ષપાતથી બચાવી લેવાનો રહેલો છે. ક્લાઉડટેલને એમેઝોન અને રિટેલને ફિલપકાર્ટ સાથે જોડીને જોવામાં આવે છે. જો કે નવા નિયમોના કારણે સંબંધિત પ્લેટફોર્મપર ચીજ વસ્તુઓ વેચી શકાશે નહીં. ફલીપકાર્ટન નવ માલિકી વોલમાર્ટ પોતે ઈ-કોમર્સ પ્લેટફોર્મમાં ચીજવસ્તુઓ વેચી શકશે નહીં. નીતિ ફેરફાર પર એક મોટા સરકારી અધિકારીએ માહિત આપતા કહ્યુ છે કે વર્ષ ૨૦૧૬ની પ્રેસ નોટમાં જ્યારે વાત કરવામાં આવી હતી તેને સારી રીતે અમલી કરવા માટે આ પગલુ લેવામાં આવી રહ્યુ છે. આમાં કહેવામાં આવ્યુ હતુ કે ઈ-કોમર્સ પ્લેટફોર્મની કિંમતો પર પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ રતે અસર કરી શકાય નહીં. દબાણ પણ લાવી શકાય નહી. અધિકારીઓ કહે છે કે ઈ-કોમર્સ પ્લેટફોર્મની સહયોગી યુનિટો તરફથી હાલમાં સતત ફરિયાદો મળી રહી હતી. નવા ફેરફાર કરવામા ંઆવ્યા બાદ હવે નવી વ્યવસ્થા અમલી બની રહી છે. જેના ભાગરૂપે હવે ગ્રાહકોને પહેલાની જેમ ઈ-કોમર્સ સાઈટ્સ પર પૂર્ણ ડિસ્કાઉન્ટ મળી શકશે નહીં. આના કારણે ફિજિકલ સ્ટોર્સને ફાયદો થઈ શકે છે. જેના બિઝનેસમાં ઈ-કોમર્સ કંપનીઓએ મોટી ભેંટ કરી છે. વેપારી સમુદાયના લોકો સતત ફરિયાદ કરી રહ્યા હતા કે ઈ-કોમર્સ કંપનીઓ તેમના પ્લેટફોર્મ પર ચીજવસ્તુઓનુ વેચાણ કરીને માર્કેટને નુકસાન કરી રહી હતી. વેપારીઓના કહેવા મુજબ તે પ્રત્યક્ષ વિદેશી રોકાણના નિયમોની વિરુદ્ધમાં હતા. જેમાં બિઝનેસ ટુ કન્ઝ્યુમર ઈ-કોમર્સમાં આવા રોકાણ પર પ્રતિબંધ છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

**સ્કોટિસ સંશોધક, મિકેનિકલ એન્જિનિયર અને રસાયણ શાસ્ત્રી હતા**


**ગ્લાસગો યુનિવર્સિટીમાં ટૂલમેકર તરીકે કામ કરતી વખતે તેમને સ્ટીમ એન્જિનોના મિકેનિક્સમાં રસ પડ્યો હતો તેમણે શોધ્યું કે આધુનિક એન્જિન સિલિંડરોને વારંવાર ઠંડક અને ગરમી આપવાની પ્રક્રિયામાં ઘણી બધી શક્તિનો વ્યય થાય છે**

# સ્ટીમ એન્જિનના શોધક જેમ્સ વોટની સ્ટીમ એન્જિનની શોધથી ઔદ્યોગિક ક્ષેત્રમાં ક્રાંતિ આવી

**બ્રિટિશ રસાયણશાસ્ત્રી સ્મિથ અને ભૌતિકશાસ્ત્રી જોસેફ બ્લેક તેમના મિત્રો બની ગયા એક રાત્રે જેમ્સે સ્ટવ પર મૂકેલું વાસણ જોયું, જેમાં પાણી ઉકળતું હતું જેમ્સે જોયું કે વરાળને કારણે કિટલીનું ઢાંકણું ફરફરી રહ્યું છે**

સ્ટીમ એન્જિનના શોધક જેમ્સ વોટની સ્ટીમ એન્જિનની શોધથી ઔદ્યોગિક ક્ષેત્રમાં ક્રાંતિ આવી છે. એના માટે જેમ્સ વોટને અચૂક યાદ કરવા પડે.સ્ટીમ એન્જિનના શોધક જેમ્સ વોટની જન્મજયંતિ હમણાં જ જાન્યુઆરીમા ઉજવાઈ ગઈ.સ્ટીમ એન્જિનના શોધક જેમ્સ વોટનો જન્મ ૧૯ જાન્યુઆરી, ૧૭૩૬નાં રોજ સ્કોટલેન્ડના ગ્રીન લોક ખાતે થયો હતો.જેમ્સ વોટ એક સ્કોટિસ સંશોધક, મિકેનિકલ એન્જિનિયર અને રસાયણશાસ્ત્રી હતા.

ગ્લાસગો યુનિવર્સિટીમાં ટૂલમેકર તરીકે કામ કરતી વખતે તેમને સ્ટીમ એન્જિનોના મિકેનિક્સમાં રસ પડ્યો હતો.તેમણે શોધ્યું કે આધુનિક એન્જિન સિલિંડરોને વારંવાર ઠંડક અને ગરમી આપવાની પ્રક્રિયામાં ઘણી બધી શક્તિનો વ્યય થાય છે. ત્યારબાદ તેમણે એક ડિઝાઈનનું વિસ્તરણ કર્યું જે એક અલગ કન્ડેસર હતું.આ કન્ડેસરમાં ઊર્જાનો વ્યય થતો ન હતો અને તેમાં પણ એન્જિનની શક્તિ, કાર્યક્ષમતા વગેરેમાં પ્રભાવશાળી ફેરફાર જોવા મળ્યાં હતા. આ સાથે તેમણે હોર્સપાવર અને જૈં યુનિટ પાવરની કલ્પના પણ વિકસાવી હતી, જે આપણે તેમના નામ તરીકે જાણીએ છીએ.જ્યારે આપણે જેમ્સ વોટનો ઉલ્લેખ કરીએ છીએ ત્યારે પ્રથમ શબ્દ જે મનમાં આવે છે તે વરાળ એન્જિન છે. જેમ્સ વોટે ૧૭૬૯ માં સ્ટીમ એન્જિનની શોધ કરીને ઔદ્યોગિક ક્ષેત્રમાં ક્રાંતિ કરી. ઈન્ટરનેશનલ સિસ્ટમ ઓફ એનર્જીનું એકમ 'વોટ' પણ જેમ્સ વોટના નામ પરથી રાખવામાં આવ્યું છે.



### જીવન પરિચય

જેમ્સ બાળપણથી જ ખૂબ જ ગંભીર સ્વભાવનો હતો. તેનામાં બાલિશ ચંચળતા બિલકુલ ન હતી. તેની રમતોમાં પણ એક અલગ પ્રકારની વિશિષ્ટતા જોવા મળી હતી. જેમ્સ હંમેશા નવી વસ્તુઓ તરફ આકર્ષિત થતો હતો.અને તેના તળિયે જવાનો પ્રયાસ કરતો હતો. જેમ્સ વોટના પિતા પણ કોન્ટ્રાક્ટર, જહાજના માલિક અને ગામના મુખ્ય જામીનદાર હતા. જેમ્સ વોટની માતા પણ ખૂબ જ શિક્ષિત હતી. વોટના દાદા થોમસ વોટ પણ ગણિતના શિક્ષક અને બેઈલી હતા. આ કારણોસર વોટના ઘરે વાતાવરણ એકદમ સારું હતું. વોટ તેના આઠ ભાઈ-બહેનોમાં છઠ્ઠો હતો

જેમ્સ વોટે પ્રારંભિક શિક્ષણ તેમના ઘરે મેળવ્યું હતું. બાદમાં તે ગ્રીનક ગ્રામર સ્કૂલમાં ગયો. જેમ્સ વોટ માટે શિક્ષણનો સૌથી મોટો સ્ત્રોત તેના પિતાની વર્કશોપ હતી. જ્યાં તેણે વહાણના સાધનો બનાવતા શીખ્યા. ત્યારથી, તેણે મશીનને લગતા તમામ નાના-મોટા સાધનોમાં રસ લેવાનું શરૂ કર્યું. ૧૭ વર્ષની ઉંમરે ગાણિતિક સાધન નિર્માતા બનવાનું નક્કી કરીને, વોટ પ્રથમ ગ્લાસગો ગયા. આ પછી ૧૭૫૫ માં, તેઓ લંડન ગયા અને શિક્ષણ મેળવ્યું. પરંતુ જેમ્સ વોટની તબિયત સતત કથળવાને કારણે તેઓ ગ્લાસગો પાછા ફર્યા. અહીં ૧૭૫૭માં તેમણે યુનિવર્સિટીમાં ગાણિતિક સાધનો (જેમ કે ચતુષ્કોણ, હોકાયંત્ર, ભીંગડા) બનાવવાની દુકાન ખોલી. આ દરમિયાન તે ઘણા વૈજ્ઞાનિકોને પણ મળ્યો. જે પછી બ્રિટિશ રસાયણશાસ્ત્રી સ્મિથ અને ભૌતિકશાસ્ત્રી જોસેફ બ્લેક તેમના મિત્રો બની ગયા. એક રાત્રે જેમ્સે સ્ટવ પર મૂકેલું વાસણ જોયું, જેમાં પાણી ઉકળતું હતું. જેમ્સે જોયું કે વરાળને કારણે કિટલીનું ઢાંકણું ફરફરી રહ્યું છે. તેણે વરાળની શક્તિને ઓળખી અને તેનો ઉપયોગ કરવાની યોજના બનાવી. આ દરમિયાન, તેને સુષુપ્ત ગરમીની શોધની ઘટના વિશે જાણ થઈ, ત્યારબાદ તેનું ધ્યાન સ્ટીમ પાવર પર મજબૂત બન્યું.

### સ્ટીમ એન્જિનની શોધઃ

એક સ્ટીમ એન્જિનનો, જેમાં પ્રગતિ ધીરે ધીરે, કદમ-બ-કદમ, એક એક પગથિયું ચડીને, સંજોગો પ્રમાણે ફેરફારો કરતાં રહીને થઈ છે. ૧૭૭૫માં જેમ્સ વોટના આવવા સુધીમાં તો આગળ કેટલાય માણસો કામ કરી ગયા હતા. પશુશક્તિ, પાણીશક્તિ, પવનશક્તિ અને અંતે ડચ વૈજ્ઞાનિક ક્રિશ્ચિયન હ્યુજેન્સે દારૂગોળાની શક્તિથી એન્જિન ચલાવવાની કોશિશ કરી હતી. પછી હ્યુજેન્સના સાથી ડેનિસ પેપીને પાણી ઉકાળીને, વરાળ ઠંડી કરીને એન્જિન ચલાવવાનો પ્રયત્ન કર્યો હતો. આઠ વર્ષ પછી થોમસ સેવરીએ કોશિશ કરી, પછી થોમસ ન્યુકોમેન નામના પ્લમ્બરે પ્રયાસ કર્યો. ન્યુકોમેનના એન્જિનની કોલસાની ખાણોમાં ભરાતું પાણી બહાર કાઢી શકાયું પછી જોન સ્પીટને એન્જિન બનાવ્યું, પણ એના એન્જિનમાંથી ઘણીખરી વરાળ બહાર છૂટી જતી હતી. છેવટે જેમ્સ વોટનું એન્જિન આવ્યું, જે વરાળથી ચાલતું હતું.

જેમ્સ વોટ પહેલા થોમસ ન્યુકોમેને સ્ટીમ એન્જિનની શોધ કરી હતી, પરંતુ તે બરાબર ચાલતું ન હતું. ૧૭૬૩ માં, તે સ્ટીમ એન્જિન રીપેર કરવા માટે વોટની વર્કશોપમાં આવ્યું. તેમાં માત્ર એક સિલિન્ડર હતું, જેમ્સ વોટે આ એન્જિનમાં વરાળ એકત્રિત કરવા માટે કન્ડેન્સર ઈન્સ્ટોલ કર્યું હતું. શૂન્ય સ્થિતિ જાળવવા માટે, પિસ્ટનની પેકિંગને સુધારી અને મજબૂત કરવામાં આવી હતી. અને એર પંપ સ્થાપિત કરવામાં આવ્યો હતો. આ કર્યા પછી જ એન્જિન પાવરફુલ બન્યું. આ રીતે જેમ્સ વોટ સ્ટીમ એન્જિન બનાવનાર પ્રથમ શોધક બન્યો. તેના એન્જિનમાં વધુ સુધારો કરીને, જેમ્સે તેનો ઉપયોગ ખાણોમાંથી પાણી કાઢવા માટે પણ કર્યો.

૧૭૮૨ માં, તેની સંશોધનાત્મક શક્તિઓની ઊંચાઈએ, તેણે ડબલ-એક્ટિંગ એન્જિનને પેટન્ટ કરાવ્યું, જેમાં પિસ્ટન દબાણ કર્યું તેમજ ખેંચ્યું. એન્જિનને પિસ્ટનને બીમ સાથે સખત રીતે જોડવાની નવી પદ્ધતિની જરૂર હતી. તેમણે સમાંતર ગતિની શોધ સાથે ૧૭૮૪ માં તે સમસ્યા હલ કરી—જોડાયેલ સળિયાની ગોઠવણ જે પિસ્ટન સળિયાને કાટખૂણે ગતિમાં માર્ગદર્શન આપે છે-જેને તેમણે "મેં રચિત મિકેનિઝમના સૌથી બુદ્ધિશાળી, સરળ ટુકડાઓમાંથી એક તરીકે વર્ણવ્યું છે."ચાર વર્ષ પછી બોલ્ટનના સૂચન પર, એન્જિનની ગતિના સ્વચાલિત નિયંત્રણ માટે કેન્દ્રત્યાગી ગવર્નરની તેમની અરજી, અને ૧૭૯૦ માં પ્રેશર ગેજની તેમની શોધ, વર્ચ્યુઅલ રીતે વોટ એન્જિન પૂર્ણ કર્યું.



**એકને એક દિવસ અમે તમામ દુનિયાને છોડીને જવાના છીએ તો....**

**અંગદાન એ મહા દાન છે તે બાબત વારંવાર સપાટી પર આવતી રહે છે તબીબો અને નિષ્ણાંતો તેમજ કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ આના માટે કામ પણ કરે છે અંગદાન શુ છે તે પ્રશ્ન પુછવામાં આવતા તેનો જવાબ બિલકુલ સરળ છે**

# મરીને પણ જીવિત રહી શકાય છે

**અમારા મોત બાદ અમારા શરીરના મહત્વના અંગ કોઇ જરૂરવાળી વ્યક્તિને લગાવી દેવામાં આવે તો અંગદાનથી અન્યને રોશનની મળી શકે**

એકને એક દિવસ અમને તમામને દુનિયાને છોડીને જવુ જ પડશે. કોઈ વહેલા દુનિયા છોડીને જાય છે જ્યારે કેટલાક મોડેથી દુનિયાને છોડીને જાય છે પરંતુ દુનિયાથી જવુ તો પડશે જ. મરીને પણ જો અમે જીવિત રહેતા હોઈએ તો કેવુ સારુ રહે. આ બાબત ચોક્કસપણે શક્ય છે. જો અમારા મોત બાદ અમારા શરીરના અંગ કોઈ જરૂરીયાતવાળી વ્યક્તિને લગાવી દેવામાં આવે તો અંગદાન મારફતે અમે બીજાની જિન્દગીને રોશન કરી શકીએ છીએ. બલ્કે પોતાના અને અમારા પોતાના લોકોને પણ તેમના મોત બાદ જીવિત રાખી શકીએ છીએ. નિષ્ણાંતો સાથે હાલમાં જ વાત કરવામાં આવી હતી.

વારંવાર આ પ્રકારની વાત સપાટી પર આવતી રહે છે. અંગદાન એ મહા દાન છે તે બાબત વારંવાર સપાટી પર આવતી રહે છે. તબીબો અને નિષ્ણાંતો તેમજ કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ આના માટે કામ પણ કરે છે. અંગદાન શુ છે તે પ્રશ્ન પુછવામાં આવતા તેનો જવાબ બિલકુલ સરળ છે. અંગદાનનો અર્થ છે કે કોઈ વ્યક્તિ પાસેથી સ્વસ્થ અંગો અને ટિસ્યુઝ લઈને કોઈ બીજી જરૂરીયાતવાળી વ્યક્તિમાં ટ્રાન્સપ્લાન્ટ કરી દેવામાં આવે છે. આ રીતે અંગદાન



મારફઉતે કોઈની લાઈફને બચાવી શકાય છે. સામાન્ય રીતે એક વ્યક્તિના અંગદાનથી મહત્તમ ૫૦ જરૂરીયાતવાળા લોકોને બચાવી શકાય છે. અંગદાન મૃત્યુ બાદ અને કેટલાક કેસમાં તો જીવિત રહેતા પણ કરવામાં આવે છે. આંખ, કિડની, હાર્ટ, લિવર, પેનક્રિયાઝ, નાના આંતરડા, ફેફસા, સ્કીન જેવા શરીરના અંગના દાન થઈ શકે છે. સામાન્ય રીતે તો આઠ અંગના દાન થઈ શકે છે. પરંતુ એક ડોનરથી કુલ ૫૦ પ્રકારના ટ્રાન્સપ્લાન્ટ થઈ શકે છે. જેમ કે હાડકા, હાર્ટ વોલ્વ, હાથને પણ ટ્રાન્સપ્લાન્ટ કરી શકાય છે. અમારા દેશમાં ફેફસા, પેનક્રિયાઝ અન આંતરડાના દાન નહીવત સમાન થાય છે. એક અંગદાન હોય છે અને એક ટિસ્યુ દાન હોય છે. કિડની, લિવર, હાર્ટ, પેન્ક્રિયાઝ જેવા આંતરિક અંગના દાન અંગદાન હેઠળ થાય છે. ટિસ્યુ દાનમાં આંખ, હાડકા, સ્કીન થાય છે. મોટા ભાગના અંગદાન કોઈ વ્યક્તિના મોત બાદ કરવામાં આવે છે. પરંતુ કેટલાક અંગ અને ટિસ્યુ વ્યક્તિ જીવિત રહે ત્યારે પણ આપી શકાય છે.આમાંથી સૌથી સામાન્ય કિડની છે. કારણ કે સામાન્ય વ્યક્તિ અથવા તો દાન કરનાર વ્યક્તિ એક કિડનીના આધાર પર સામાન્ય જીવન જીવી શકેછે. ફેફસા અને લિવરના કેટલાક હિસ્સાને પણ જીવિત વ્યક્તિ દાન કરી શકે છે. લિવરની પાસે ફરીથી પોતાને તૈયાર કરવાની ક્ષમતા હોય છે. જેથી એક નાનકડા હિસ્સાથી સમગ્ર લિવર તૈયાર થઈ જાય છે.મૃત્યુ પામ્યા બાદ કરવામાં આવતા દાનમાં સૌથી સામાન્ય છે આંખનુ દાન, કારણ કે ઘરમાં થનાર સામાન્ય મોતના મામલામાં માત્ર આંખને જ દાન કરી શકાય છે. બાકીના અંગોને દાન એ જ વખતે કરી શકાય છે જ્યારે વ્યક્તિની બ્રેઈન ડેથ થઈ જાય છે. તેને વેન્ટીલેટર પર અથવા તો લાઈફ સપોર્ટ સિસ્ટમ પર લેવામાં આવે છે. ખુબ નાની વયમાં જ અંગદાન કરીને કોઈને જીવિત રાખી શકાય છે. કારણ કે ૩-૪ વર્ષના બાળકના અંગને પણ દાન કરી શકાય છે. કોઈ કારણથી મૃત્યુ થઈ જાય છે તો દાન કરી શકાય છે. જો કોઈ વ્યક્તિમાં શરીરના કોઈ અંગ ખરાબ છે અને તેની જાન બચે તેમ નથી તો તેના શરીરના બાકીના અંગ અન્ય વ્યક્તિની જાન બચાવી શકે છે. અમારા દેશમાં અંગદાનને લઈને વધારે જાગૃતિ નથી. માત્ર લિવરની વાત કરવામાં આવે તો દેશમાં ૧૦૦ કેસમાં ખુબ મુશ્કેલથી કોઈ એક દાનવીર મળે છે. અમારા દેશમાં દરવર્ષે આશરે પોણા બે લાખ કિડની ટ્રાન્સપ્લાન્ટ થાય છે. જે પૈકી માત્ર ૬૦૦૦ ટ્રાન્સપ્લાન્ટ થઈ શકે છે. આમાં પણ કેડેવર (કોઈ વ્યક્તિના મૃત્યુ બાદ કરવામાં આવતા દાન) ના મામલા નહીવત સમાન છે. દર વર્ષે આશરે ૫૦ હજાર હાર્ટ અને ૨૦ હજાર લગ્સની જરૂર પડે છે. જે પૈકી નામમાત્ર મળી શકે છે. અંગદાન કરવાની લોકો શપથ લે તે જરૂરી છે.સામાન્ય મોત અને બ્રેઈન ડેથમાં ખુબ અંતર છે. સામાન્ય મોતના કેસમાં તમામ અંગ કામ કરવાનુ બંધ કરી દે છે.

# જ્યારે પણ પોતાના ગામમાં જવાનુ થાય ત્યારે એક વૃક્ષ ચોક્કસપણે લગાવી દેવાની જરૂર

પર્યાવરણને બચાવી લેવા માટેની વાત તો અમે તમામ કરીએ છીએ. પરંતુ દેશના દુરગામી વિસ્તારોમાં રહેતી પ્રભા દેવીએ એવુ કામ કરી બતાવ્યુ છે જેના કારણે તમામ લોકો તેમની પાસેથી પ્રેરણા લઈ શકે છે. પોતાના ઘરની ચાર દિવાળની વચ્ચે બેસીને સામાન્ય રીતે પર્યાવરણને લઈને અમે વાતો તો કરતા રહીએ છીએ પરંતુ આ વાતો માત્ર વાત બનીને જ રહી જાય છે. અમે આ દિશામાં કોઈ નક્કર પગલા લઈ શકતા નથી. પરંતુ કેટલાક અસામાન્ય લોકો હોય છે કે જે કામ કરીને પણ બતાવે છે.

ઉત્તરાખંડના રુદ્રપ્રયોગની પ્રભા દેવી સેમવાલ એવી જ એવી ઝનુની મહિલા છે જે એકલા પોતાના દમ પર ૫૦૦ કરતા વધારે વૃક્ષ લગાવી ચુકી છે. કઈ રીતે પ્રભા દેવી વૃક્ષ લગાવનાર દાદી બની ગયા તે પણ રોચક બાબત છે. આજે જ્યાં વિકાસના નામ પરપ આંખ બંધ કરીને વૃક્ષો અને વન્ય વિસ્તારોને સાફ કરવામાં આવી રહ્યા છે ત્યારે ૫૦૦ કરતા વધારે વૃક્ષ લગાવીને પ્રભા દેવીએ કેટલાક નવા દાખલા બેસાડી દીધા છે.



આ તમામ વૃક્ષોને માત્ર લગાવ્યા જ નથી બલ્કે તેમને વિકસિત કરવાનુ પણ કામ કર્યુ છે. પ્રભા દેવી આજે દેશ અને દુનિયાની સામે દાખલા બેસાડી રહ્યા છે. તેમના દ્વારા લગાડી દેવામાં આવેલા વૃક્ષોના કારણે ગામમાં એક વન્ય વિસ્તાર જ તૈયાર થયા છે. તેઓ દાદીના નામથી લોકપ્રિય છે. તેમના ઘરમાં પણ જુદા જુદા પ્રકારના ફળ અને અન્ય વૃક્ષો રહેલા છે. તેઓ આ વૃક્ષોને પોતાના બાળકોની જેમ પ્રેમ કરે છે. વૃક્ષોથી તેઓ એક દિવસ પણ અલગ થતા નથી. તેઓએ આગામી પેઢીને એક એક વિરાસત આપવાનુ કામ કરી રહ્યા છે જે તમામ માટે પ્રેરણા સમાન રહેશે. આગામી પેઢીને આપવામાં આવેલી આ વિરાસત અનમોલ છે. તેમનાથી પ્રેરણા લઈને અન્ય લોકો પણ આગળ વધી રહ્યા છે. વૃક્ષો લગાવી રહ્યા છે.

પ્રભા દેવી પોતાના જીવનના ૧૫-૧૬ વર્ષ પૂર્ણ કરી રહ્યા હતા ત્યારે જ તેમના લગ્ન કરી દેવામાં આવ્યા હતા. પરિવારથી અલગ થયા બાદ તેઓ એક સંયુક્ત પરિવારમાં વધુ તરીકે હતા. આવી સ્થિતીમાં વહેલી તકે ઉઠીને દુરગામી વિસ્તારોમાંથી જઈને પાણી લાવવા સહિતના કામ કરતા હતા. તેમની રોજની કસરતમાં આ તમામ બાબતોને સામેલ કરવામાં આવી હતી. જો કે તેમના મનમાં કુદરત પ્રત્યે જે પ્રેમની ભાવના હતી તે એ વખતે બહાર નિકળી હતી જ્યારે તેઓ દરરોજની વ્યસ્ત લાઈફમાંથી બહાર નિકળીને આગળ વધી રહ્યા હતા. સાથે સાથે વૃક્ષો લગાવવા માટેની શરૂઆત કરી રહ્યા હતા. તેઓ વૃક્ષ લગાવીને ભુલી જતા ન હતા. જો કે પૂર્ણ દેખરેખ પણ કરતા હતા. પ્રભા છ બાળકોના માતા છે. સાથે સાથે આજે અનેક બાળકોના દાદી તરીકે છે. પ્રભા દેવીએ રુદ્રાક્ષ અને કેસર સહિત અનેક પ્રકારના વૃક્ષો લગાવ્યા છે.

એવા વૃક્ષો પણ લગાવ્યા છે જે અગાઉ ક્યારેય પણ જોવા મળતા ન હતા. કુદરત પ્રત્યે તેમની આ ભાવના નિસ્વાર્થ રીતે જોઈ શકાય છે. તેમના દ્વારા લગાવવામાં આવેલા વૃક્ષોના કારણે તેમની દરરોજની જરૂરિયાતો પૂર્ણ થઈ રહી છે. વયના ૭૦ દશક પૂર્ણ કરી દેવામાં આવ્યા બાદ તેઓ ક્યારેય ખાલી બેસતા નથી. સુર્યોદય થતા આજે પણ તેઓ નિયમિત રીતે ઉઠી જાય છે અને કામ પર લાગી જાય છે. તેમના બાગ બગીચા અને વન્યમાં લાગેલા વૃક્ષોના કારણે ફળ તમામ લોકો ખાય છે. આજ તમામ લોકો તેમનાથી પ્રેરણા લઈને આગળ વધી શકે છે. જ્યારે પણ પોતાના ગામમાં જવાની તક મળે ત્યારે એક વૃક્ષ ચોક્કસપણે લગાવવામાં આવે તે જરૂરી છે. આજે આ જરૂરી છે જે લોકો શહેરોમાં પોતાના કામની ભાગદોડમાં વ્યસ્ત રહે છે તે પર્યાવરણ પર ધ્યાન આપી શકતા નથી.

જે લોકો પર્યાવરણ પર ધ્યાન આપી શકતા નથી તેમને અપીલ છે કે જ્યારે પણ પોતાના ગામમાં જાય ત્યારે એક વૃક્ષ ચોક્કસપણે લગાવે. તેમની કાળજી લેવામાં આવે તે જરૂરી છે. પર્યાવરણને જાળવવા અને તેના રક્ષણની વાતો તો મોટી મોટી વર્ષોથી કરવામાં આવે છે પરંતુ આ દિશામાં કોઈ દાખલારૂપ પહેલ કરવામાં આવતી નથી. જેના કારણે હાલના સમયમાં જટિલ સમસ્યા સર્જાઈ રહી છે. એક પછી એક કુદરતી ખતરા ઉભા થઈ રહ્યા છે.

પર્યાવરણના મુદ્દા પર વૈજ્ઞાનિક સમુદાયના લોકો તરફથી પણ અનેક સારી રજૂઆત અને ભલામણો હાલના વર્ષોમાં કરવામાં આવી હોવા છતાં આ દિશામાં ધ્યાન આપવામાં આવી રહ્યુ નથી. વધારે સમય સુધી વરસાદ, દુકાલ અને અન્ય કુદરતી આફતો આવવા માટેના કારણ તરીકે તેને જોઈ શકાય છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND
CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now
C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234
info@cyberoctet.com
www.cyberoctet.com



# હેરને ખરતા અટકાવવા માટે અજવાવો આ ઉપાયો

આજકાલ નાની વયમાં વાળ સફેદ થવા અને વાળ ખરવાની સમસ્યા સામાન્ય બની રહી છે. હેરની સારસંભાળ માટે, માથામાં નાળિયેર તેલની માલિશ કરવાની સલાહ આપવામાં આવે છે. આ ઉપાયો અપનાવવાથી તમારા વાળ પહેલા જેવા જ કાળા અને ઘટ્ટ પણ થશે.

### નાળિયેર તેલ અને લીમડાના પાન

વાળના નિષ્ણાતોના મતે, જો તમારા વાળના મૂળ નબળા થઈ રહ્યા છે, તો તમે નારિયેળના તેલમાં મીઠા લીમડાના પાનનો ઉપયોગ કરી શકો છો. આ માટે સૌ પ્રથમ પાંદડાને સૂકવી લો. ત્યાર બાદ તે સૂકા પાનને નારિયેળના તેલમાં નાખીને ગરમ કરો. થોડીવાર ગરમ કર્યા પછી, તે તેલને કાઢી લો અને તેને ઠંડુ કરો અને પછી તે દ્રાવણને વાળના મૂળમાં લગાવો. આમ કરવાથી તમારા વાળના મૂળ મજબૂત બને છે અને વાળ ખરવા પણ લાગે છે.

### નારિયેળ તેલમાં એલોવેરા જેલ મિક્સ કરો

વાળમાં નાળિયેર તેલમાં એલોવેરા લગાવવું પણ ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. ખરેખર, એલોવેરા જેલમાં વિટામિન-એ, બી અને બી12 જેવા ઘણા પોષક તત્વો મળી આવે છે. જ્યારે નારિયેળ તેલમાં એન્ટીબેક્ટેરિયલ અને એન્ટિમાઈક્રોબાયલ ગુણ હોય છે. આ બંનેના મિશ્રણને લગાવવાથી વાળ મજબૂત બને છે અને તેમાં ખંજવાળની સમસ્યા પણ રહેતી નથી. તેનાથી વાળમાં ચમક પણ વધે છે

### એરંડાના તેલનો ઉપયોગ

વાળ ખરતા અટકાવવા માટે તમે નારિયેળના તેલમાં એરંડાનો ઉપયોગ પણ કરી શકો છો. એરંડાના તેલમાં ફેટી એસિડ અને એન્ટીઓક્સીડેન્ટ હોય છે, જે મૂળને મજબૂત બનાવે છે અને વાળ ખરતા અટકાવે છે. આ બંનેનું મિશ્રણ લગાવવાથી વાળમાં જમા થયેલી ગંદકી પણ દૂર થાય છે અને સમય પહેલા સફેદ થતાં નથી.



# કોળાના બીજમાં અનેક ગુણોનો ભંડાર ભરેલો છે

કોળુ જેને પમ્પકીન કહેવાય છે, તેના બીજ મોટા ભાગે લોકો ફેંકી દેતા હોય છે. પણ કોળાના બીજમાં અનેક ગુણોનો ભંડાર હોય છે. કોળાના બીજને જો થોડા પણ ડાયટમાં સામેલ કરી લેવામાં આવે તો, આપણને કેટલીય બીમારીઓથી બચાવી શકે છે. તે પોષક તત્વોથી ભરપૂર હોય છે. થોડી માત્રામાં પણ કોળુના બીજ ખાવાથી હેલ્દી ફેટ, મેગ્નેશિયમ, ઝિંક, પ્રોટીન, ફાઈબર, કાર્બોહાઈડ્રેટ, મેગ્નીઝ, આયરન, કેટલાય પ્રકારના વિટામિન સહિત એન્ટીઓક્સિડેંટ્સનો હાઈ ડોઝ મળી શકે છે. હાઈ એન્ટીઓક્સિડેંટ્સના કારણે કોળાના બીજ કેન્સર સહિત કેટલીય બીમારીઓથી બચાવે છે. તે કોલેસ્ટ્રોલ અને બ્લડ શુગરને ખૂબ જ જલ્દી ઘટાડી દે છે.

પેશાબ સંબંધિત સમસ્યાઓથી મુક્તિ : કોળાના બીજના સેવનથી પેશાબ સંબંધિત સમસ્યાઓથી છુટકારો અપાવે છે. પમ્પકીન સીડ્સ પ્રોસ્ટેટિક હાઈપરલેપ્સિયા જેવી બીમારીઓથી રાહત પહોંચાડે છે. કોળાના બીજ બ્લેડરની બીમારીથી છુટકારો અપાવે છે. આ યૂરેનરી ઈંફેક્શનને કામ કરે છે અને યૂરીનરી ફંક્શનને તેજ કરે છે.

હાર્ટ એટેકના ખતરામાં કમી : કોળાના બીજમાં એન્ટીઓક્સિડેંટ્સ, મેગ્નેશિયમ, ઝિંક અને અનસૈચુરેટેડ ફેટ જોવા મળે છે, જે હાર્ટના હેલ્થ માટે ખૂબ જ ઔષધિવર્ધક છે. એટલા માટે કોળાના બીજ હાર્ટ એટેક અથવા સ્ટ્રોકના જોખમને કમ કરે છે. તો વળી કોળાના બીજને કોલેસ્ટ્રોલ લેવલને પણ ખૂબ જ કમ કરે છે, જેનાથી ધમણીઓમાં પ્લેક જમા થવાનો ખતરો કમ કરે છે. એક અધ્યયનમાં જણાવ્યા અનુસાર કોળાના બીજ ગુડ કોલેસ્ટ્રોલને વધારે છે અને બેડ કોલેસ્ટ્રોલને ઘટાડે છે.

બ્લડ શુગરમાં કમી : કોળાના બીજમાં ડાયાબિટીઝ દર્દીને ખૂબ જ ફાયદો મળે છે. તેનાથી બ્લડ શુગરને ઘટાડી શકે છે. ઉંદર પર કરવામાં આવેલા એક સંશોધનમાં કોળાના બીજના પાઉડરથી તેમાં બ્લડ શુગરને ખૂબ જ વધારે માત્રામાં ઘટાડે છે. તો વળી માણસો પર કરવામાં આવેલા એક અન્ય અધ્યયનમાં એ સામે આવ્યું છે કે, રોજ 65 ગ્રામ કોળાના બીજ ખાવાથી વધારે બ્લડ શુગરને કમ કરી શકાય છે.

# બાળકોને ગેસની સમસ્યા થાય તો અપનાવો આ ઘરેલુ ઉપાયો



નાના બાળકોને ગેસની તકલીફ સૌથી વધારે થતી હોય છે. પેટમાં ગેસની સમસ્યા થાય ત્યારે બાળક રડવા લાગે છે. બાળક નાનુ હોવાથી તે બોલી શકતું નથી. જેના કારણે માતા-પિતા એ જાણી શકતા નથી કે તેને શું થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં માતા-પિતા પણ પરેશાન થઈ જાય છે. આમ, તમારા બાળકને પણ વારંવાર પેટમાં ગેસ થઈ જાય છે તો આ ઘરેલુ ઉપાયો અસરકારક છે.

### એલાયચી

એલાયચીમાં આયર્ન, ફાઈબર, પોટેશિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફરસ અને વિટામિન C જેવા ઘણા પોષક તત્વો હોય છે જે પાચન અને ગેસ સંબંધિત સમસ્યાઓને દૂર કરે છે. બાળકને એલાયચીવાળુ દૂધ આપી શકો છો અથવા જમવામાં પણ 1 કે 2 એલાયચી મિક્સ કરીને આપો. એલાયચી બાળકોને આપવાથી ઉલ્ટી અને પાચન સંબંધી ઘણી સમસ્યાઓને દૂર થાય છે.

### અજમો

અજમો શરીર માટે ખૂબ જ ફાયદાકારક છે. તેને ખાવાથી ખોરાક સરળતાથી પચી જાય છે. બાળકોને અજમો આપવા માટે એક બાઉલમાં 1/4 વાટકી પાણીને ઉકાળી લો. પાણીને ઉકળ્યા પછી તેમાં 1/2 ચમચીથી ઓછો અજમો ઉમેરો. પાણીને સારી રીતે ઉકાળ્યા પછી તેને ગાળીને નવશેકું પાણી બાળકને પીવડાવો. બાળકને અજમાની ચા પણ આપી શકાય છે. બાળકને અજમો મર્યાદિત માત્રામાં જ આપો.

# બબુ પોચા ખાવાના અઢળક ફાયદા...



બબુ પોચા એ ખુબ જ લોકપ્રિય ફળ છે. ભારતમાં આ ફળની ખેતી ઉત્તર પ્રદેશ, પંજાબ અને કાશ્મીરમાં થાય છે. બબુ પોંચામાં રહેલ ખનીજ વિટામિન સ્વાસ્થ્ય માટે ખુબ લાભદાયી છે. તેના અઢળક ફાયદા વિષે બહુ ઓછા લોકો જાણે છે.

બબુ પોચા ખાવાથી પાચનક્રિયા સારી રહે છે. જે લોકોને જમ્યા પછી ખાધેલું પચવામાં પ્રોબ્લેમ થતો તેના માટે આ ફળ મદદરૂપ થાય છે. તેમાં ફાયબર સારી માત્રમાં હોય છે તેનાથી પાચનતંત્ર મજબૂત બને છે. તેમાંથી આયરન મળતું હોવાથી તે હિમોગ્લોબીન સારી માત્રમાં વધારી શકે છે.

આ ફળમાં વિટામિન સી પણ હોય છે જે રોગ પ્રતિકારક શક્તિ વધારવાનું કામ કરે છે. શરીરને અલગ અલગ રોગોથી લડવાની તાકાત મરે છે. તમને જો હાડકાને લગતી કોઈ સમસ્યા હોય તો આ ફળ નું સેવન ફાયદાકારક રહેશે. આમ બુરોન નામનું રાસાયણિક તત્વ મળી રહે છે જે કેલ્શિયમ લેવલને જારવી રાખવાનું કામ કરે છે.

બબુ પોચાને ખાવાથી સ્કીન પણ ચમકે છે અને બોડીને ભરપૂર એનર્જી મળે છે. શરીર ઉપર સોજો આવ્યો તો તેને ઓછો કરવામાં પણ મદદરૂપ થાય છે. તમે વધુ મહેનત વાળું કામ કર્યું અથવા કસરત કરીને આવ્યા હોય તો આનો જ્યુસ પીવાથી મસલ્સ ને આરામ મળે છે. તમે દિવસભર કામ કરીને થાક્યા હોય તો આ એક ફળ ખાઈ લો તો તણાવમુક્ત થઈ જાઓ છો.



# તહેવારની મોસમમાં ઘરે બનાવો અંજીર બરફી

તહેવારની મોસમ ચાલી રહી છે, દરેકના ઘરે તહેવાર પર ગળ્યું બનાવવામાં આવે છે. તહેવાર દરમિયાન ઘણા લોકોના ઘરે બરફી બનાવવામાં આવે છે. તે ખૂબ જ સરળતાથી તૈયાર પણ થાય છે. ઘણા લોકો બરફી ઘરે બનાવે છે, પરંતુ તે બજાર જેટલી નરમ નથી બનતી. પરંતુ અમે તમને સોફ્ટ અંજીરની બરફી કેવી રીતે બનાવવી તેના વિશે જણાવીશું. જેને મોઢામાં મુકતા જ પીગળવા લાગશે. આ મીઠાઈનો સ્વાદ એવો છે કે બાળકોને પણ તે ખૂબ પસંદ આવે છે. તો ફટાફટ નોંધી લો અંજીરની બરફીની રેસિપી

### સામગ્રી

175 ગ્રામ અંજીરના ટુકડા, 75 ગ્રામ બીજ વગરની ખજૂર, 50 ગ્રામ કિસમિસ, 50 ગ્રામ પિસ્તા ઝીણા સમારેલા, 50 ગ્રામ કાજુ ઝીણા સમારેલા, 50 ગ્રામ બદામ ઝીણી સમારેલી, 04 ચમચી દેશી ઘી.

### અંજીરની બરફી બનાવવાની રીત

સૌથી પહેલા અંજીર, ખજૂર અને કિસમિસને મિક્સરમાં પીસીને પેસ્ટ બનાવી લો. ધ્યાન રાખો પીસતી વખતે પાણી નાખવાનું નથી. હવે પેનને ગેસ પર મૂકો તેમાં બે ચમચી દેશી ઘી ઉમેરો. ત્યારબાદ કાજુ, બદામ અને પિસ્તાને હલકા સોનેરી થાય ત્યાં સુધી સાંતળો. જે બાદ તેને એક વાસણમાં કાઢી લો. હવે આ પેનમાં ફરીથી ઘી નાખી ધીમી આંચ પર અંજીરની પેસ્ટ ઉમેરો અને સાતથી આઠ મિનિટ સુધી સાંતળો. આ પછી તેમાં શેકેલા કાજુ, બદામ અને પિસ્તા ઉમેરો. હવે ગેસ બંધ કરીને મિશ્રણને ઘી લગાવીને ગ્રીસ કરેલી થાળી અથવા ચોકીમાં કાઢો. જે બાદ તેને આખી થાળીમાં ફેલાવી દો અને બે કલાક માટે સેટ થવા દો. હવે છરી વડે તમારા મનપસંદ આકારમાં કાપો. તૈયાર છે હેલ્ધી અંજીર બરફી.

# ગ્લિસરીનમાં ગુલાબજળ મિક્સ કરી લગાવવાથી ચહેરો ચમકી જશે




જ્યારે જ્યારે વાતાવરણમાં ફેરફાર થાય તો તેની અસર ત્વચા પર સૌથી પહેલા થાય છે. તેવામાં બદલતા વાતાવરણમાં ત્વચાની સંભાળ રાખવા માટે અલગ અલગ વસ્તુઓ સાથે રાખવી પડે છે. સ્કીન કે રૂટિનમાં આજ સુધી તમે અલગ અલગ વસ્તુઓનો સમાવેશ કર્યો હશે. બદલતા વાતાવરણમાં તમે ત્વચાની સંભાળ લેવા માંગો છો અને ત્વચા પર કુદરતી ગ્લો વધે તેવી ઈચ્છા ધરાવવો છો તો ગ્લિસરીનને અલગ અલગ વસ્તુઓ સાથે ઉપયોગમાં લેવાનો રાખો.

**ગ્લિસરીન અને ગુલાબજળ :** ત્વચા પર ડ્રાયનેસની સમસ્યા હોય તો ગ્લિસરીનમાં ગુલાબજળ મિક્સ કરી ચહેરા પર લગાડો. પાંચ મિનિટ પછી ઠંડા પાણીથી ચહેરો સાફ કરો તેનાથી ત્વચાનું મોઈશ્ચર જળવાયેલું રહેશે.

**ગ્લિસરીન અને મુલતાની માટી :** ત્વચા પર ડાઘ થઈ ગયા હોય તો મુલતાની માટીમાં ગ્લિસરીન ઉમેરીને ફેસપેક તૈયાર કરી તેને ચહેરા પર લગાડો. આ ફેસપેક નો ઉપયોગ કરવાથી ચહેરાના ડાઘ ધબ્બા દૂર થાય છે.

**ગ્લિસરીન અને મધ :** મધ અને ગ્લિસરીનનો ઉપયોગ કરવાથી ત્વચા પરના પીગમેન્ટેશનથી રાહત મળે છે. સાથે જ એકને અને ખીલથી પણ મુક્તિ મળે છે.

**ગ્લિસરીન અને લીંબુ :** જો ત્વચા પર ખંજવાળ ખીલ વધારે પ્રમાણમાં થઈ ગયા હોય તો ગ્લિસરીનમાં લીંબુનો રસ મિક્સ કરી ચહેરા પર અપ્લાય કરો થોડીવાર પછી તાજા પાણીથી ચહેરો સાફ કરો.

# પીરિયડ્સના દુખાવા દરમિયાન તજ અને મધનું સેવન કરવું ફાયદાકારક

લગભગ દરેક ભારતીય ઘરોમાં તજનો ઉપયોગ મસાલા તરીકે થાય છે. તેનો ઉપયોગ ઘણા પ્રકારના નાસ્તા, વનસ્પતિ અને હર્બલ પીણાંમાં થાય છે. પરંતુ તજ અને મધનો ઉપયોગ કરવાથી પીરિયડ્સ દરમિયાન થતા દુખાવામાં ઘણી રાહત મળે છે. પીસીઓએસની સમસ્યા અને મેનોપોઝ દરમિયાન થતી સમસ્યાઓને દૂર કરવા માટે મહિલાઓ પણ તજનું સેવન કરી શકે છે.

તજમાં મેગ્નેશિયમ, આયર્ન, ફોસ્ફરસ, કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન, કેલ્શિયમ, મેંગેનીઝ, કોપર, ઝિંક, વિટામિન્સ, નિયાસિન, થિયામીન અને લાઈકોપીન જેવા પોષક તત્વો મળી આવે છે. આ તમામ પોષક તત્વો તમારા શરીરને મજબૂત બનાવવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. મહિલાઓ માટે તજ ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ પોષક તત્વો તમારી રોગપ્રતિકારક શક્તિને પણ મજબૂત બનાવે છે. આ તમારી ઘણી સમસ્યાઓનું નિરાકરણ લાવી શકે છે.

પીરિયડ્સમાં ઘણી સ્ત્રીઓને ભારે દર્દ અને પેટ સંબંધિત સમસ્યાઓનો પણ સામનો કરવો પડે છે. આવી સ્થિતિમાં તજમાં રહેલા ફાઈબર, પોટેશિયમ અને અન્ય પોષક તત્વો આ સમસ્યાઓને દૂર કરી શકે છે. આ માટે તમે તજનું પાણી પી શકો છો.



### આ રીતે કરો ઉપયોગ

- તજનું પાણી બનાવવા માટે તમે તજને આખી રાત પલાળીને રાખી શકો છો. આ સિવાય તમે તજને પાણીમાં 10 મિનિટ ઉકાળીને પી શકો છો.
- પીરિયડ્સના દુખાવા દરમિયાન તજ પાવડર અને મધનં સેવન કરી શકાય છે. આ ખબ જ આરામદાયક હોઈ શકે છે.
- પેટ સંબંધિત સમસ્યાઓથી છુટકારો મેળવવા માટે તમે તજ અને લીંબુ પાણી પી શકો છો.
- આ સિવાય તમે તજ અને ગોળની પેસ્ટ પણ ખાઈ શકો છો. તેનાથી ગળાની સમસ્યામાં રાહત મળે છે.

# નાઇજીરીયન સેનાએ ૩૫ ઇસ્લામિક ઉગ્રવાદીઓને નર્કમાં મોકલી દીધા । ૪ સ્થળો પર હવાઈ હુમલા કર્યા







અબુજા : દેશના ઉત્તરપૂર્વીય ક્ષેત્રમાં એક મોટા લશ્કરી કાર્યવાહીના ભાગ રૂપે નાઈજીરીયન સેનાએ હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૩૫ શંકાસ્પદ ઈસ્લામિક ઉગ્રવાદીઓને મારી નાખ્યા છે. આ કાર્યવાહી કેમરૂનની સરહદે આવેલા બોર્નો પ્રાંતના કુમશે વિસ્તારમાં કરવામાં આવી હતી. નાઈજીરીયા હાલમાં બોકો હરામ અને અન્ય જેહાદી સંગઠનોની વધતી જતી પ્રવૃત્તિઓનો સામનો કરી રહ્યું છે, જે વર્ષોથી દેશની સુરક્ષા અને સ્થિરતા માટે ગંભીર ખતરો રહ્યા છે.નાઈજીરીયન વાયુસેનાના પ્રવક્તા એહિમેન એજોદામે માહિતી આપી હતી કે આ હવાઈ હુમલો ચાર અલગ અલગ સ્થળોએ કરવામાં આવ્યો હતો જ્યાં આતંકવાદીઓ એકઠા થઈ રહ્યા હતા. તેમણે કહ્યું કે ઉગ્રવાદીઓએ વિસ્તારમાં તૈનાત સૈનિકો પર હુમલો કરવાની યોજના બનાવી હતી અને તેમની ચાલની માહિતી મળ્યા પછી જ સેનાએ જવાબી કાર્યવાહી કરી હતી. એજોદામેના જણાવ્યા અનુસાર, આ કાર્યવાહી પછી, વિસ્તારમાં સૈનિકો સાથે સંપર્ક ફરીથી સ્થાપિત થયો છે અને હાલમાં પરિસ્થિતિ સ્થિર હોવાનું કહેવાય છે.આ ઘટના એવા સમયે બની છે જ્યારે નાઈજીરીયન સરકાર, ખાસ કરીને રાષ્ટ્રપતિ બોલા ટીનુબુના નેતૃત્વ હેઠળનું વહીવટીતંત્ર, આતંકવાદ અને ઉગ્રવાદને કાબૂમાં લેવાનો પ્રયાસ કરી રહ્યું છે. જો કે, આ પ્રયાસોને હજુ સુધી અપેક્ષિત સફળતા મળી નથી. બોકો હરામ જેવા આતંકવાદી સંગઠનો ૨૦૦૯ થી નાઈજીરીયામાં સક્રિય છે અને દેશના ઘણા વિસ્તારોમાં આતંક ફેલાવી રહ્યા છે.

## રણબીર કપૂર-આલિયા ભટ્ટનું ૨,૫૦૦,૦૦૦,૦૦૦ નું ઘર તૈયાર છે



। નવીદિલ્હી, તા.૨૭ ।

રણબીર કપૂર અને આલિયા ભટ્ટનું સ્વપ્ન ઘર લાંબા સમયથી તૈયાર થઈ રહ્યું છે, જેની કિંમત લગભગ ૨૫૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે, તે આખરે હવે તૈયાર છે. તેમના નિર્માણાધીન બંગલાની ઘણી ઝલક વાયરલ થયા પછી, હવે સેલિબ્રિટી કપલના છ માળના બંગલાના આગળના ભાગનો સંપૂર્ણ દૃશ્ય દર્શાવતો એક નવો વિડિઓ ઈન્ટરનેટ પર સામે આવ્યો છે.આલિયા ભટ્ટ અને રણબીર કપૂરની નવી મિલકતમાં ઊંડો કૌટુંબિક વારસો છે - તે મૂળ રણબીરના દાદા-દાદી, રાજ કપૂર અને કૃષ્ણા રાજ કપૂરનો હતો, અને પછી ૧૯૮૦ માં તેના માતાપિતા, ઋષિ કપૂર અને નીતુ કપૂરને સોંપવામાં આવ્યો હતો. અહેવાલો અનુસાર, રણબીર અને આલિયા ટૂંક સમયમાં તેમના નવા ઘરમાં રહેવા જઈ શકે છે અને તેના માટે એક શુભ તારીખ પસંદ કરવામાં આવશે.આ દંપતીનું સ્વપ્ન ઘર સાદગી, આધુનિક સુંદરતા અને હરિયાળીનું મિશ્રણ છે. તેમની દરેક બાલ્કની છોડની હરોળથી શણગારેલી છે, જે અત્યંત સુંદર લાગે છે. પહેલા માળે તેમના ઉંચી છતવાળા લિવિંગ રૂમને પ્રકાશિત કરતા ભવ્ય ઝુમ્મર પણ જોઈ શકાય છે. આલિયા, રણબીર અને તેમની પુત્રી રિયા ઘણીવાર તેમના નવા ઘરના નિર્માણ દરમિયાન જોવા મળ્યા હતા.

### ઇઝરાયલી હુમલાઓ અને ગોળીબાર કર્યો હતો

## ગાઝામાં ખોરાક લેવા જઈ રહેલા પેલેસ્ટિનિયનો ઉપર ઇઝરાયલી હુમલો । ૨૫ લોકોના મોત થયાં

**વિશ્વની અગ્રણી ખાદ્ય કટોકટી એજન્સી દ્વારા ગાઝા શહેરમાં દુષ્કાળની પુષ્ટિએ વૈશ્વિક ચિંતા અને દબાણમાં વધારો કર્યો । આ દુકાળ ઇન્ટિગ્રેટેડ ફૂડ સિક્યુરિટી ફેસ ક્લાસિફિકેશન દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો**



। ગાઝા, તા.૨૪ ।

ગાઝામાં ખોરાકની શોધમાં સહાય કેન્દ્રમાં જઈ રહેલા પેલેસ્ટિનિયનોને ફરીથી મૃત્યુનો સામનો કરવો પડ્યો. ઈઝરાયલી હુમલાઓ અને ગોળીબારમાં ઓછામાં ઓછા ૨૫ પેલેસ્ટિનિયનો માર્યા ગયા. આમાં તંબુઓમાં આશરો લેનારા લોકોનો પણ સમાવેશ થાય છે. આ માહિતી સ્થાનિક હોસ્પિટલો દ્વારા આપવામાં આવી છે.

આ હુમલાઓ વચ્ચે, વિશ્વની અગ્રણી ખાદ્ય કટોકટી એજન્સી દ્વારા ગાઝા શહેરમાં દુષ્કાળની પુષ્ટિએ વૈશ્વિક ચિંતા અને દબાણમાં વધારો કર્યો છે. આ દુકાળ ઈન્ટિગ્રેટેડ ફૂડ સિક્યુરિટી ફેસ ક્લાસિફિકેશન દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો. મધ્ય પૂર્વમાં આ અત્યાર સુધીનો પહેલો દુકાળ છે. આ એવા સમયે આવ્યો છે જ્યારે ઈઝરાયલે ગાઝા પર લગભગ ૨.૫ મહિના માટે સંપૂર્ણ નાકાબંધી લાદી હતી અને હવે ધીમે ધીમે યુએસ સમર્થિત ગાઝા હ્યુમેનિટેરિયન ફાઉન્ડેશન દ્વારા રાહત પહોંચાડવાની મંજૂરી આપી રહી છે.નાસેર હોસ્પિટલ અનુસાર વહેલી સવારે દક્ષિણ ગાઝામાં ઈઝરાયલી હુમલામાં ઓછામાં ઓછા ૧૪ લોકો, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો હતા, માર્યા ગયા હતા. હુમલાઓનું લક્ષ્ય ખાન યુનિસમાં તંબુઓ હતા, જ્યાં વિસ્થાપિત લોકો આશ્રય લઈ રહ્યા હતા. બે આતંકવાદીઓ દ્વારા માર્યા ગયેલા શોકગ્રસ્ત સંબંધીના ભત્રીજા અવદ અગુલ્લાએ કહ્યું: "ગાઝામાં હવે કોઈ જગ્યા સુરક્ષિત નથી... દરેક જગ્યાએ બોમ્બમારો થઈ રહ્યો છે. ઉત્તરમાં, દક્ષિણમાં, દરેક જગ્યાએ."

શેખ રદવાન ફિલ્ડ હોસ્પિટલ અનુસાર, શનિવારે ઈઝરાયલી ગોળીબારમાં ઓછામાં ઓછા પાંચ લોકો માર્યા ગયા હતા જ્યારે તેઓ ઝિકિમ ક્રોસિંગ નજીક સહાય મેળવવા માટે ભેગા થયા હતા. હોસ્પિટલો અને પેલેસ્ટિનિયન રેડ ક્રેસેન્ટ દ્વારા અન્ય ભાગોમાં છ વધુ મૃત્યુની પુષ્ટિ કરવામાં આવી હતી.

આઈપીસીના અહેવાલમાં જણાવાયું છે કે ગાઝાની વસ્તીના એક ચતુર્થાંશ, લગભગ અડધા મિલિયન લોકો, તીવ્ર ભૂખમરાનો સામનો કરી રહ્યા છે અને મૃત્યુના આરે છે. ઈઝરાયલે આ અહેવાલને "ખોટો" ગણાવ્યો હતો અને કહ્યું હતું કે તેણે યુદ્ધ દરમિયાન પૂરતી સહાય તેમના સુધી પહોંચવા દીધી હતી. વડા પ્રધાન નેતન્યાહૂના કાર્યાલયે આરોપ લગાવ્યો હતો કે હમાસ પોતે ભૂખમરાની સ્થિતિમાં બંધકોને રાખી રહ્યું છે.ઈઝરાયલી સેનાએ કહ્યું છે કે તેના સૈનિકો ગાઝા શહેરના ઝૈતુન વિસ્તાર સહિત અનેક વિસ્તારોમાં પહેલેથી જ સક્રિય છે.

**યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી ટૂંક સમયમાં જ ભારત આવી શકે**

## પીએમ મોદી રશિયા યુક્રેન યુદ્ધમાં શાંતિદૂત બનશે,માત્ર પુતિન જ નહીં ઝેલેન્સકી પણ ભારત આવશે

**ગયા વર્ષે ઓગસ્ટમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુક્રેનની મુલાકાત લીધી હતી । ત્યાં તેમણે ઝેલેન્સકી સાથે મુલાકાત કરી હતી અને તેમને ભારત આવવા માટે આમંત્રણ આપ્યું હતું**

। નવીદિલ્હી, તા.૨૪ ।

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી ટૂંક સમયમાં જ ભારત આવી શકે છે. યુક્રેનના રાજદૂત ઓલેકસાંદ્ર પોલિશચુકે જણાવ્યું કે, આ મુલાકાતની તારીખ પર હજુ ચર્ચા ચાલી રહી છે. ગયા વર્ષે ઓગસ્ટમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુક્રેનની મુલાકાત લીધી હતી. ત્યાં તેમણે ઝેલેન્સકી સાથે મુલાકાત કરી હતી અને તેમને ભારત આવવા માટે આમંત્રણ આપ્યું હતું. હવે બંને દેશ આ સંભવિત મુલાકાતની તારીખ નક્કી કરવામાં વ્યસ્ત છે. ઝેલેન્સકીની મુલાકાતની ખબર એવા સમયે આવી છે જ્યારે પુતિન આ વર્ષે ભારતની મુલાકાત પર આવવાના છે. રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને સાડા ત્રણ વર્ષ થઈ ગયા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુદ્ધ રોકાવવાની મોટી-મોટી વાતો કરી હતી, પરંતુ તેમનાથી ઝેલેન્સકીને નિરાશા જ મળી છે. આ મુલાકાત આ દ્રષ્ટિએ પણ મહત્વપૂર્ણ છે, કારણ કે ભારતના રશિયા સાથે ખૂબ જ સારા સંબંધો છે.રાજદૂતે કહ્યું, 'ભારત અને યુક્રેન વચ્ચે ભવિષ્યની વ્યૂહાત્મક ભાગીદારી અંગે જે જાહેરાત થઈ છે, તેના પર વિશ્વાસ રાખો, તેમાં અમારી પાસે ઘણી સંભાવનાઓ છે. ભારતના વડાપ્રધાને રાષ્ટ્રપતિ ઝેલેન્સકીને ભારત આવવા માટે આમંત્રણ આપ્યું છે. બંને પક્ષો આ પર કામ કરી રહ્યા છે. અમને આશા છે કે, રાષ્ટ્રપતિ ઝેલેન્સકી નિશ્ચિત રીતે ભારત આવશે. આ અમારા દ્વિપક્ષીય સંબંધો માટે મોટી સિદ્ધિ હશે. હાલમાં અમે એક ચોક્કસ તારીખ નક્કી કરવાની કોશિશ કરી રહ્યા છીએ.' તેમણે જણાવ્યું કે બંને દેશો મળીને યોગ્ય તારીખ નક્કી કરવાની કોશિશ કરી રહ્યા છે. વડાપ્રધાન મોદી અને ઝેલેન્સકી અગાઉ પણ ઘણીવાર મળી ચૂક્યા છે.યુદ્ધ શરૂ થયા પછી સૌથી પહેલા મે ૨૦૨૩માં જાપાનમાં જી-૭ સમિટ દરમિયાન બંને નેતાઓની મુલાકાત થઈ હતી. પીએમ મોદીએ ત્યારે કહ્યું હતું કે, આ યુદ્ધ માત્ર બે દેશોનો મુદ્દો નથી, પરંતુ આખી માનવતાનો પ્રશ્ન છે. ભારત શાંતિ અને માનવીય મદદ માટે હંમેશા તૈયાર છે. ત્યારબાદ જૂન ૨૦૨૪માં ઈટાલીમાં જી૭ સમિટ દરમિયાન પણ બંને નેતા મળ્યા. ત્યાં મોદીએ કહ્યું કે, યુદ્ધનો ઉકેલ વાતચીત અને રાજનૈતિક રીતે નીકળવો જોઈએ. પછી સપ્ટેમ્બર ૨૦૨૪માં ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રના 'સમિટ ઓફ ધ ફ્યુચર'માં બંને નેતાઓએ મુલાકાત કરી અને શાંતિ માટે ભારતના સમર્થન પર વાત કરી.

## સોભિતા પોતાના પતિ નાગા ચૈતન્ય સાથે માંગ ભર્યા પછી દર્શન માટે તિરુપતિ પહોંચી



। મુંબઇ, તા.૨૪ ।

નાગા ચૈતન્ય અને તેમની પત્ની સોભિતા ધુલિપાલા તાજેતરમાં હૈદરાબાદ પાછા ફરતા જોવા મળ્યા હતા. બંનેએ આશીર્વાદ લેવા માટે સાથે તિરુપતિ મંદિરની મુલાકાત લીધી હતી. હૈદરાબાદ પહોંચતા જ જોવા મળ્યું કે નાગા ચૈતન્ય ખુલ્લા કોલરવાળા કાળા શર્ટ, ભૂરા રંગના ટ્રાઉઝર અને સ્લીક સ્નીકર્સ પહેરેલા હતા. બીજી તરફ, તેમની પત્ની શોભિતાએ પરંપરાગત દેખાવ પસંદ કર્યો અને તેજસ્વી લાલ રેશમી સાડી અને સિંદૂર પહેરીને કાર તરફ ચાલ્યા ગયા.નાગા ચૈતન્ય અને શોભિતા ધુલિપાલાએ તાજેતરમાં તિરુપતિમાં જોવા મળ્યા બાદ હેડલાઈન્સમાં સ્થાન મેળવ્યું. આ દંપતી હાથ પકડીને પ્રાર્થના કરતા જોવા મળ્યા હતા. શોભિતા ધુલિપાલાએ મંદિરમાં એરપોર્ટ લુક જેવો જ ડ્રેસ પહેર્યો હતો, જ્યારે નાગા ચૈતન્ય પહેલા પરંપરાગત કપડાંમાં હતા.થાંડેલ અભિનેતાએ સફેદ રેશમી ધોતી અને શર્ટ પહેર્યો હતો, જેની સાથે તેમણે અંગવસ્ત્ર પણ પહેર્યું હતું. સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયોમાં, આ દંપતી ખાસ પૂજા માટે પરિસરમાં પ્રવેશતા પહેલા કતારમાં રાહ જોતા જોવા મળે છે. નાગા ચૈતન્ય અને શોભિતા ધુલિપાલાએ ૨૦૨૪ માં તેમના લગ્ન જીવનની શરૂઆત કરી હતી. થોડા સમયથી ડેટિંગ કરી રહેલા આ કલાકારોએ હૈદરાબાદના અન્નપૂર્ણા સ્ટુડિયોમાં લગ્ન કર્યા હતા.

## પાક.માં હિન્દુઓનું ધર્માંતરણ, મોબ લિન્ચિંગ, બળજબરીથી લગ્નો વધ્યા

। ઇસ્લામાબાદ, તા.૨૪ ।

પાકિસ્તાનમાં હિન્દુઓ સહિતના લઘુમતીઓ પર અત્યાચાર ચિંતાજનક રીતે વધી રહ્યો છે. આ ખુલાસો પાકિસ્તાન માનવ અધિકાર સંસ્થા દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં વધુમાં જણાવાયું છે કે પાકિસ્તાનમાં હિન્દુઓ પરનો અત્યાચાર બહુ જ ઝડપથી વધી રહ્યો છે. અનેક હિન્દુ-ખ્રિસ્તી સગીરાઓનું ધર્માંતરણ કરવામાં આવે છે, સગીર વયે જ બળજબરીથી તેમની સાથે લગ્ન કરવામાં આવે છે. પાકિસ્તાન માનવ અધિકાર પંચ દ્વારા લાહોરમાં એક કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૪-૨૫નો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં જણાવાયું છે કે પાકિસ્તાનમાં હિન્દુઓ, ખ્રિસ્તી, અહમદીસ વગેરે પર અત્યાચારોનું પ્રમાણ વધી રહ્યું છે. તેમના ધાર્મિક સ્થળોનો નાશ કરવામાં આવી રહ્યો છે. તેમનું ટાર્ગેટ કિલિંગ પણ વધી રહ્યું છે. સૌથી વધુ પંજાબ અને સિંધ પ્રાંતમાં હિન્દુ યુવતીઓને નિશાન બનાવવામાં આવી રહી છે. ધર્માંતરણ, બળજબરીથી લગ્ન કરવા તેમજ અપહરણ અને બળાત્કારની ઘટનાઓ સામે આવતી હોય છે. એવામાં હવે હિન્દુઓ પર ઈશનિંદાનો આરોપ લગાવીને તેમનું મોબ લિન્ચિંગ કરવાની ઘટનાનું પ્રમાણ પણ વધ્યું છે. હિન્દુઓ પર ગમે ત્યારે ઈશનિંદાનો આરોપ લગાવી દેવાય છે અને કટ્ટરવાદીઓ પોતે જ તેનો ફેસલો કરીને હત્યા માટે હુમલા કરી દે છે.

## ફિજીના પ્રધાનમંત્રી સિટિવેની રાબુકા ભારત પહોંચ્યા, પીએમ મોદી અને રાષ્ટ્રપતિ મુર્મુને મળશે


। નવીદિલ્હી, તા.૨૪ ।

ફીજીના વડા પ્રધાન સિતેની લિગામામાડા રાબુકા, જે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને વિશ્વના 'બોસ' તરીકે વર્ણવે છે, ત્રણ દિવસની મુલાકાતે ભારત આવ્યા છે. આ તેમની ભારતની પ્રથમ સત્તાવાર મુલાકાત છે. તેઓ રવિવારે દિલ્હી પહોંચ્યા, જ્યાં તેમનું સ્વાગત કેન્દ્રીય મંત્રી સુકાંત મજુમદારે કર્યું. ફીજીના વડા પ્રધાન તેમની પત્ની સુલુએતી રાબુકા સાથે છે. પ્રતિનિધિમંડળમાં આરોગ્ય પ્રધાન રતુ એન્ટોનિયો લાલાબાલાવુ અને વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પ્રધાનમંત્રી રાબુકાના આગમનની માહિતી શેર કરતા, ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે લખ્યું, "ફીજીના પ્રધાનમંત્રી સિતેની રાબુકાનું તેમની પ્રથમ મુલાકાત પર નવી દિલ્હી આગમન પર હાર્દિક સ્વાગત છે. કેન્દ્રીય મંત્રી સુકાંત મજુમદાર દ્વારા પ્રધાનમંત્રી રાબુકાનું એરપોર્ટ પર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ મુલાકાત વિવિધ ક્ષેત્રોમાં ભાગીદારીને વધુ ગાઢ બનાવશે." ભારતની તેમની મુલાકાત દરમિયાન, ફીજીના પ્રધાનમંત્રી સોમવારે પીએમ નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરશે. ફીજીના પ્રધાનમંત્રી માટે પ્રધાનમંત્રી મોદી દ્વારા લંચનું આયોજન કરવામાં આવશે. આ પછી, પ્રધાનમંત્રી સિતેની રાબુકા ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળશે. તમને જણાવી દઈએ કે રાષ્ટ્રપતિ મુર્મુએ ઓગસ્ટ ૨૦૨૪ માં ફીજીની મુલાકાત લીધી હતી. ભારતીય વિદેશ મંત્રાલય માને છે કે પ્રધાનમંત્રી રાબુકાની આ મુલાકાત ભારત અને ફીજી વચ્ચે લાંબા સમયથી ચાલતા મજબૂત અને સ્થાયી સંબંધોને રેખાંકિત કરે છે. આ મુલાકાત બંને દેશોની તમામ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા અને આપણા લોકો વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવવાની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે.

**રશિયા અને યુક્રેન વચ્ચેના હુમલાઓ અટકવાનું નામ નથી લઈ રહ્યા**

**ઇન્ટરફેક્સના અહેવાલ મુજબ, કુર્સ્ક પરમાણુ પાવર પ્લાન્ટ નજીક ડ્રોનને તોડી પાડવામાં આવ્યું હતું, જેના કારણે સહાયક ટ્રાન્સફોર્મરને નુકસાન થયું હતું**

## રશિયાએ કુર્સ્ક પરમાણુ પ્લાન્ટ નજીક યુક્રેનિયન ડ્રોનને તોડી પાડ્યું । શું યુદ્ધ બંધ નહીં થાય?



। કીવ, તા.૨૪ ।

રશિયા અને યુક્રેન વચ્ચેના હુમલાઓ અટકવાનું નામ નથી લઈ રહ્યા. રવિવારે કુર્સ્ક ક્ષેત્રમાં પરમાણુ પ્લાન્ટ નજીક સૈનિકોએ યુક્રેનિયન ડ્રોનને તોડી પાડ્યું. ઈન્ટરફેક્સના અહેવાલ મુજબ, કુર્સ્ક પરમાણુ પાવર પ્લાન્ટ નજીક ડ્રોનને તોડી પાડવામાં આવ્યું હતું, જેના કારણે સહાયક ટ્રાન્સફોર્મરને નુકસાન થયું હતું. "કુર્સ્ક પરમાણુ વીજ પ્લાન્ટ નજીક હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ દ્વારા યુક્રેનના સશસ્ત્ર દળોના એક યુએવીને તોડી પાડવામાં આવ્યું હતું. અથડામણ પછી, ડ્રોન વિસ્ફોટ થયો, જેનાથી સહાયક ટ્રાન્સફોર્મરને નુકસાન થયું," પરમાણુ પ્લાન્ટની પ્રેસ સર્વિસે ટેલિગ્રામ મેસેજિંગ એપ પર એક નિવેદનમાં જણાવ્યું હતું.અગાઉ, રશિયાના ફેડરલ ફ્રી-ટુ-એર ટેલિવિઝન નેટવર્ક ઈઈદ્ર ટીવીએ રવિવારે વહેલી સવારે પ્લાન્ટની પ્રેસ સર્વિસને ટાંકીને કહ્યું હતું કે કુર્સ્ક પરમાણુ વીજ પ્લાન્ટમાં આગ લાગી હતી. ઈઈદ્ર ટીવીએ તેની ટેલિગ્રામ મેસેજિંગ એપ પર અહેવાલ આપ્યો હતો કે પ્લાન્ટના પરમાણુ વિભાગની બહારના ટ્રાન્સફોર્મર યુનિટમાં આગ લાગી હતી. પ્રેસ સર્વિસે કહ્યું હતું કે લોકો અથવા પ્લાન્ટ માટે કોઈ સુરક્ષા ખતરો નથી.રશિયા કહે છે કે તેના સૈનિકોએ પૂર્વી યુક્રેનના ડોનેટ્સક ક્ષેત્રમાં બે ગામો કબજે કર્યા છે, જે યુદ્ધને સમાપ્ત કરવાના આંતરરાષ્ટ્રીય પ્રયાસો પરના સંઘર્ષ વચ્ચે લશ્કરી દબાણમાં વધારો કરે છે. રશિયન સંરક્ષણ મંત્રાલયે શનિવારે ટેલિગ્રામ પર જણાવ્યું હતું કે મોસ્કોના દળોએ ડોનેટ્સકમાં ૧,૦૦૦ કિમી (૬૨૦ માઈલ) ફ્રન્ટલાઈન પર સ્રેડન્યે અને ક્લેબન-બ્યાક ગામો કબજે કર્યા છે.રશિયાએ શુક્રવારે કહ્યું હતું કે તેના સૈનિકોએ ડોનેટ્સકમાં ત્રણ ગામો કબજે કર્યા છે. યુક્રેનની સેનાએ સ્વીકાર્યું નથી કે રશિયા દ્વારા કોઈપણ ગામ કબજે કરવામાં આવ્યું છે. શનિવારે, યુક્રેનિયન લશ્કરી અધિકારીઓએ ટેલિગ્રામ પર જણાવ્યું હતું કે તેમના સૈનિકોએ રશિયન આગળ વધવાનું પહેલાથી જ અટકાવી દીધું છે. રશિયા અને યુક્રેન વચ્ચેના હુમલાઓ અટકવાનું નામ નથી લઈ રહ્યા. રવિવારે કુર્સ્ક ક્ષેત્રમાં પરમાણુ પ્લાન્ટ નજીક સૈનિકોએ યુક્રેનિયન ડ્રોનને તોડી પાડ્યું. ઈન્ટરફેક્સના અહેવાલ મુજબ, કુર્સ્ક પરમાણુ પાવર પ્લાન્ટ નજીક ડ્રોનને તોડી પાડવામાં આવ્યું હતું, જેના કારણે સહાયક ટ્રાન્સફોર્મરને નુકસાન થયું હતું. "કુર્સ્ક પરમાણુ વીજ પ્લાન્ટ નજીક હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ દ્વારા યુક્રેનના સશસ્ત્ર દળોના એક યુએવીને તોડી પાડવામાં આવ્યું હતું.પરમાણુ પ્લાન્ટની પ્રેસ સર્વિસે ટેલિગ્રામ મેસેજિંગ એપ પર એક નિવેદનમાં જણાવ્યું હતું.

**બે "નવી" એર ડિફેન્સ મિસાઇલો** | **"ઓપરેશન અને પ્રતિભાવ મોડ અનન્ય અને વિશેષ તકનીક પર આધારિત છે"**

## ઉત્તર કોરિયાએ એર ડિફેન્સ મિસાઇલનું પરીક્ષણ કરીને હંગામો મચાવ્યો



। પ્યોંગયાંગ, તા.૨૪ ।

ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન બે "નવી" એર ડિફેન્સ મિસાઈલોના પરીક્ષણનું નિરીક્ષણ કરી રહ્યા છે, રાજ્ય મીડિયાએ રવિવારે અહેવાલ આપ્યો હતો. અગાઉ, પ્યોંગયાંગે સિઓલ પર સરહદ પર તણાવ વધારવાનો આરોપ લગાવ્યો હતો. કોરિયન સેન્ટ્રલ ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, શનિવારે થયેલા પરીક્ષણમાં દર્શાવવામાં આવ્યું હતું કે બંને નવી મિસાઈલ શસ્ત્ર પ્રણાલીઓમાં "ઉત્તમ લડાઈ ક્ષમતાઓ" છે. નવી મિસાઈલો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી નથી, ફક્ત એટલું જ કહેવામાં આવ્યું છે કે તેમની "ઓપરેશન અને પ્રતિભાવ મોડ અનન્ય અને વિશેષ તકનીક પર આધારિત છે".

તેમાં એ પણ કહેવામાં આવ્યું નથી કે પરીક્ષણ ક્યાં કરવામાં આવ્યું હતું. કેસીએનએએ કહ્યું, "આ પરીક્ષણથી ખાસ કરીને સાબિત થયું કે બે પ્રકારની મિસાઈલોની તકનીકી લાક્ષણિકતાઓ વિવિધ હવાઈ લક્ષ્યોને નષ્ટ કરવા માટે ખૂબ જ યોગ્ય છે." તેમાં વોશિંગ્ટન અથવા સિઓલ પર કિમ દ્વારા કોઈ ટિપ્પણીનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

આ પરીક્ષણ દક્ષિણ કોરિયાના નવા રાષ્ટ્રપતિ લી જે મ્યુંગની જાપાનના વડા પ્રધાન શિગેરુ ઈશિબા સાથે શિખર સંમેલન માટે ટોક્યોની મુલાકાત દરમિયાન થયું હતું, જ્યાં તેઓએ ઉત્તર કોરિયાની પરમાણુ મહત્વાકાંક્ષાઓ સહિત સંયુક્ત પડકારોનો સામનો કરવા માટે યુનાઈટેડ સ્ટેટ્સ સાથે દ્વિપક્ષીય સહયોગ અને ત્રિપક્ષીય ભાગીદારીને મજબૂત બનાવવાનું વચન આપ્યું હતું. લી રવિવારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે શિખર સંમેલન માટે વોશિંગ્ટન જવા રવાના થવાનું હતું.

કિમની સરકારે સિઓલ અને વોશિંગ્ટન તરફથી તેના પરમાણુ શસ્ત્રો અને મિસાઈલ કાર્યક્રમોને નાબૂદ કરવાના હેતુથી લાંબા સમયથી અટકેલી વાટાઘાટો ફરી શરૂ કરવાના આહ્વાનને વારંવાર નકારી કાઢ્યું છે, કારણ કે તે યુનાઈટેડ સ્ટેટ્સનો સામનો કરતા દેશો સાથે સંબંધો વિસ્તારવાના હેતુથી વિદેશ નીતિના ભાગ રૂપે રશિયાને પ્રાથમિકતા આપવાનું ચાલુ રાખે છે. ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન બે "નવી" એર ડિફેન્સ મિસાઈલોના પરીક્ષણનું નિરીક્ષણ કરી રહ્યા છે, રાજ્ય મીડિયાએ રવિવારે અહેવાલ આપ્યો હતો. અગાઉ, પ્યોંગયાંગે સિઓલ પર સરહદ પર તણાવ વધારવાનો આરોપ લગાવ્યો હતો. કોરિયન સેન્ટ્રલ ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, શનિવારે થયેલા પરીક્ષણમાં દર્શાવવામાં આવ્યું હતું.




































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya